**આજનો સુવિચાર**

હાર્યા પછી પણ જો તમે સ્મિત કરો તો સામેની વ્યક્તિની જીતનો જશ્ન ફિક્કો પડી જાય છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૩૦૧ જૂનાગઢ તા.૦૮-૧૨-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 301, Junagadh : Date : 08 December, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay



SSR2024
૨૭ ઓક્ટોબર,૨૦૨૩ થી ૯ ડિસેમ્બર, ૨૦૨૩
ભારત નિર્વાચન આયોગ

## દેશાનું ફોર્મ ભર્યુ ?

મતદાતા બનો તથા મતદાર યાદીમાં તમારી જાણકારી અપડેટ કરો

વધુ જાણકારી માટે 8929441950 પર મિસ્ડ કોલ કરો

ફોલો કરો :
/ecisveep /eci
/ECIVoterEducation
/Election Commission of India

voters.eci.gov.in પર લોગ ઓન કરો | મતદાર સુવિધા કેન્દ્ર ના માધ્યમથી અરજી કરો અથવા તમારા BLOનો સંપર્ક કરો | વોટર હેલ્પલાઈન એપ ડાઉનલોડ કરો
Play Store · Apple Store



શ્રી રાજકુમાર રાવ
ચૂંટણી કમિશનનાં નેશનલ આઈકોન

CBC 52101/13/0014/2324


રૂપિયા લઈને સવાલ પુછવાનાં મામલે એથિકસ કમીટીનો અહેવાલ લોકસભામાં રજુ : ગૃહમાં ભારે ધમાલ : કાર્યવાહી બપોર સુધી સ્થગીત

# મહુઆ મોઈત્રાનું સંસદ સભ્ય પદ રદ કરવા અને કડક કાર્યવાહી કરવા એથિકસ કમીટીની ભલામણ




નવી દિલ્હી તા. ૮

કેશ ફોર કવેશ્ચન એટલે કે, રૂપિયા લઈને સંસદમાં સવાલ પુછવાનાં મામલે પશ્ચિમ બંગાળમાંથી ચુંટાયેલા તૃણમુલ કોંગ્રેસનાં સાંસદ મહુઆ મોઈત્રા વિરૂધ્ધ લાગેલા આરોપો અંગે સંસદની એથીકસ કમીટીએતેનો અહેવાલ લોકસભામાં રજુ કરી દીધો છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ એથેકસ કમીટીએ મહુઆ મોઈત્રાની સંસદ સભ્યતા રદ કરવાની ભલામણ કરી હોવાનું જાણવા મળે છે.

એથેકસ કમીટીનાં અહેવાલમાં મહુઆ પર લાગેલા આરોપોને ગંભીર બતાવવામાં આવ્યા છે તેમજ મહુઆ સામે કડક કાર્યવાહીની અને તેમનું સંસદ સભ્ય પદ રદ કરવાની ભલામણ કરી છે. દરમ્યાનમાં સંસદમાં એથિકસ કમીટીનો અહેવાલ રજુ થાય તે પહેલા જ લીક થઈ જવાનાં મામલે સંસદમાં ભારે હોબાળો મચી ગયો હતો. તૃણમુલ કોંગ્રેસનાં સાંસદોએ લોકસભામાં ઉગ્ર નારેબાજી કરી હતી જેના પગલે લોકસભાનાં સ્પીકર ઓમ બિરલાને ગૃહની કાર્યવાહી બપોરનાં ૨.૦૦ કલાક સુધી સ્થગીત રાખવાની ફરજ પડી હતી. ભારે ધમાલ વચ્ચે લોકસભાની કાર્યવાહી સ્થગીત કરવામાં આવી હતી. આ લખાય રહયું છે ત્યારે પણ સંસદની અંદર અને બહાર ભારે હંગામો ચાલુ છે.

## સતત પાંચમી વખત વ્યાજદરોમાં કોઈ ફેરફાર નહી લોન સસ્તી નહી થાય, EMI પણ નહી વધે



નવી દિલ્હી તા. ૮

રિઝર્વ બેંકે સતત પાંચમી વખત વ્યાજદરોમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈએ વ્યાજદર ૬.૫% પર યથાવત્ રાખ્યા છે. એટલે કે લોન મોંઘી નહીં થાય અને લોનની EMI પણ વધશે નહીં. રીઝર્વ બેંકે છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપોરેટ વધારીને ૬.૫% કર્યો હતો.

રીઝર્વ બેંકનાં ગવર્નર શક્તિકાંત દાસે આજે ૬ ડિસેમ્બરથી ચાલી રહેલી મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિષે માહિતી આપી હતી. આ બેઠક દર બે મહિને થાય છે. આ નાણાકીય વર્ષની પ્રથમ બેઠક એપ્રિલમાં મળી હતી. જ્યારે ગત નાણાકીય વર્ષમાં રેપોરેટમાં ૬ ગણો ૨.૫૦%નો વધારો કરવામાં આવ્યો હતો.

રીઝર્વ બેંકનાં ગવર્નર ફુગાવાના અંદાજો અને GDP અંદાજો પણ જાહેર કર્યા છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪ માટે ફુગાવાનો અંદાજ ૫.૪%પર જાળવી રાખવામાં આવ્યો છે. છેલ્લી મિટિંગમાં તે ૫.૧%થી વધારીને ૫.૪% કરવામાં આવ્યો હતો. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે સપ્ટેમ્બરમાં ફુગાવો ઘટવાની આશા છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪ માટે રિયલ GDP વૃદ્ધિનો અંદાજ ૬.૫%પર જાળવી રાખવામાં આવ્યો છે. તેમજ, નાણાકીય વર્ષ ૨૫ના પ્રથમ ક્વાર્ટર માટે રિયલ GDP અંદાજ પણ ૬.૬% પર જાળવવામાં આવ્યો છે. રીઝર્વ બેંકનાં ગવર્નરે કહ્યું કે જિયોપોલિટિકલ કટોકટીના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મંદી છે.


## હોટેલ ગ્રીનલેન્ડ

જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ

HOTEL GREENLAND | THAKAR ઠાકરથાળ

સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન

મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ

ઠાકર થાળ એક ખાનદાની પરંપરા

સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ

જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com


## શાળાઓ શિયાળામાં સ્કુલ સ્વેટર કે ડ્રેસ કોડનાં અમલનો આગ્રહ રાખી શકશે નહી : રાજય સરકારનો આદેશ



અમદાવાદ, તા. ૮

ગુજરાતમાં ઠંડીનો દોર શરૂ થતા ખાસ કરીને સવારની શાળાઓમાં અભ્યાસ માટે આવતા ભુલકાઓને રક્ષણ માટે ગરમ વસ્ત્રો પહેરવાની આવશ્યકતા શરૂ થઈ છે તે સમયે શાળાઓ દ્વારા ચોકકસ રંગ અને ડિઝાઈનના સ્વેટર પહેરવાની ફરજ પાડવાની શકયતા વચ્ચે રાજય સરકારે એક આદેશમાં કોઈપણ શાળા શિયાળાના સમયમાં સ્વેટર અને યુનિફોર્મ બાબતમાં ખાસ આગ્રહ રાખી શકશે નહીં.

અનેક શાળાઓના યુનિફોર્મમાં ફ્રોક, સ્કર્ટ તેવા પૂરા શરીર ન ઢંકાય તેવા વસ્ત્રો પણ હોય છે પરંતુ શિક્ષણ મંત્રીએ આપેલી સુચના મુજબ શાળાઓએ શિયાળાના સમયમાં ડ્રેસકોડના અમલનો આગ્રહ રાખવાનો રહેશે નહીં.

રાજય સરકારે પ્રાથમિક શાળાઓમાં આ એક સ્પષ્ટ સરકયુલર ઈસ્યુ કરવાની સૂચના આપી છે અનેક જિલ્લાઓમાં વિરોધાભાસી પરિપત્રના કારણે જે રીતે ભુલકાઓને શાળા દ્વારા માન્ય રંગના સ્વેટર કે તેવા ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પાડવામાં આવે છે. જેને પગલે રાજય સરકારે આદેશ આપ્યો છે એટલું જ નહીં શાળાઓ પોતાના સ્વેટર કે ઉની વસ્ત્રો પહેરવાનો આગ્રહ રાખી શકશે નહીં. તાજેતરમાં જ રાજકોટ શિક્ષણાધિકારી દ્વારા ઈસ્યુ થયેલા પરિપત્રના મુદે વિવાદ સર્જાયો હતો.

પીજીવીસીએલ દ્વારા ડિસેમ્બરનાં અંત સુધીમાં સ્માર્ટ મીટરો લાગવાની શરૂઆત થઈ જશે

## જેટલી વિજળી વાપરો તે પ્રમાણે જ પ્રિ-પેઈડ રીચાર્જ કરાવવાનું રહેશે



અમદાવાદ તા.૮

કેન્દ્ર સરકાર દ્વારા આરડીએસએસ (રીવેમ્પડ ડીસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ) યોજના હેઠળ પીજીવીસીએલના વિજ ગ્રાહકોના વિજ સ્થાપનમાં સ્માર્ટ પ્રીપેઈડ મીટર લગાવવા નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત પીજીવીસીએલ દ્વારા રાજકોટથી કામગીરી શરૂ કરવામાં આવશે.

રાજકોટમાં સૌપ્રથમવાર પાયલોટ ટાઉન તરીકે મહિલા કોલેજ પેટા વિભાગીય કચેરી રાજકોટથી મીટર લગાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત જામનગર સીટી ડીવીઝનના સેન્ટ્રલ ઝોન સબ ડીવીઝનમાં મીટર લગાવવાની શરૂઆત કરવામાં આવશે. પ્રથમ તબકકામાં જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ૨૩.૬૬ લાખ સ્માર્ટ મીટરો લગાવામાં આવશે ત્યાર બાદ અન્ય કામગીરી હાથ ધરાશે.

રાજકોટ ઉપરાંત અંજાર, અમરેલી, ભુજ, મોરબી, સુરેન્દ્રનગર, જુનાગઢ, પોરબંદર, બોટાદ, ભાવનગર, જામનગરમાં સ્માર્ટ મીટર લગાવવામાં આવશે. આ યોજના હેઠળ સ્માર્ટ પ્રીપેઈડ મીટર લગાવવાથી વિજગ્રાહકો પોતાની જરૂરીયાત મુજબ રીચાર્જ કરી શકશે અને વધુમાં પીજીવીસીએલના કર્મચારીને મીટર રીડીંગ માટે વખત રૂબરૂ જવાની જરૂર નહીં પડે અને સમયનો બચાવ પણ થશે.

પીજીવીસીએલ દ્વારા અંજારમાં ૧.૦૯ લાખ, અમરેલીમાં ૨.૫૦ લાખ, ભૂજમાં ૧.૯૬ લાખ, મોરબીમાં ૦.૯૨ લાખ, રાજકોટ ગ્રામ્યમાં ૨.૫૯ લાખ, રાજકોટ શહેરમાં ૧.૫૬ લાખ, સુરેન્દ્રનગરમાં ૧.૯૩ લાખ, જુનાગઢમાં ૧.૭૨ લાખ, પોરબંદરમાં ૨.૦૨ લાખ, બોટાદમાં ૦.૨૪ લાખ, ભાવનગરમાં ૧.૮૨ લાખ, જામનગરમાં ૫.૩૨ લાખ આમ કુલ ૨૩.૬૬ લાખ સ્માર્ટ પ્રીપેઈડ મીટર લગાવાશે.

## કેનેડામાં ત્રણ થિયેટરમાં હિન્દી ફિલ્મ નિહાળી રહેલા દર્શકો ઉપર ભેદી સ્પ્રે કરાયો

ઓટ્ટાવો, તા. ૮

કેનેડામાં ખાલિસ્તાન આતંકવાદીઓના વિવાદ બાદ ગ્રેટર ટોરેન્ટો ખાતે ભારતીય ફિલ્મો દર્શાવી રહેલા ત્રણ થિયેટરમાં અચાનક જ ઘુસી આવેલા અજાણ્યા શખ્સોએ સિનેમા હોલમાં કોઈ ભેદી સ્પ્રે છાંટીને આતંક મચાવવાની કોશીષ કરી હતી અને તેના કારણે પ્રેક્ષકો પણ થોડો સમય ગભરાય ગયા હતા અને સિનેમા હોલ પણ ખાલી કરાવવાની ફરજ પડી હતી.

કેનેડીયન પોલીસના જણાવ્યા મુજબ આ પ્રકારની ઘટનાઓ યોર્ક રિજિયોનલ પોલીસ એરીયામાં બની હતી. ગ્રેટર ટોરોન્ટો એરીયામાં આવેલા થિયેટરોમાં હિન્દી ફિલ્મ દર્શાવાઈ રહી હતી તે સમયે થિયેટરમાં ૨૦૦ની આસપાસ પ્રેક્ષકો મોજુદ હતા જેમાં મોટા ભાગના ભારતીયો હતા અને ઓચિંતા જ ધસી આવેલા માસ્ક પહેરેલા લોકોએ થીયેટરમાં ભેદી કેમીકલ સ્પ્રે કરીને ગભરાટની સ્થિતિ પેદા કરી હતી.

કેનેડીયન અખબારોના જણાવ્યા પ્રમાણે આ સ્પ્રેના કારણે કેટલાક પ્રેક્ષકોને બેચેની જેવી સ્થિતિ થતા તુર્ત જ સિનેમા હોલ ખાલી કરાવાયા હતા અને બાદમાં પુરેપુરી હોલની એર કલીનર સફાઈ બાદ ફરી એક વખત શો ચાલુ કરાયા હતા. પોલીસના જણાવ્યા મુજબ આ પ્રકારનો પદાર્થ છાંટનાર માસ્ક અને હુડ પહેરેલા બે વ્યકિતઓ હતા.

## સમાચાર રાઉન્ડ અપ

● પેઈન કિલર દવા મેફટાલ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક : કેન્દ્ર સરકારે ચેતવણી જારી કરી

● પ્રખ્યાત અભિનેતા જુનિયર મહેમુદનું મુંબઈમાં નિધન

● આવકવેરા ખાતુ હવે કરદાતાની કાર અને બેંક લોકર પર પણ ચાંપતી નજર રાખશે

● પશ્ચિમ બંગાળમાં મુર્શિદાબાદ મેડીકલ કોલેજમાં ૨૪ કલાકમાં ૯ બાળકોનાં મોતથી ખળભળાટ

● જીએસટીનાં નિયમોમાં મોટો ફેરફાર આવશે : આગામી બે-ત્રણ વર્ષમાં તમામ વ્યવસાયોમાં ઈ-બીલ ફરજીયાત બનશે

● રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢનાં મુખ્યમંત્રીપદનું કોકડું ગુંચવાયું : ભાજપ હાઈકમાન્ડ દ્વારા મીટીંગોનો દોર

● ભાજપનાં ધારાસભ્ય અને હરીયાણાનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભજનલાલનાં પૌત્ર ભવ્ય બિશ્નોઈનાં રાજસ્થાન કેડરનાં આઈએએસ ઓફીસર પરી બિશ્નોઈ સાથે યોજાનારા ભપકાદાર લગ્નમાં ત્રણ લાખ લોકોને આમંત્રણ


## મહાયોગી વિરેચન ચૂર્ણ




દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુ:ખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે

માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

## હાર્દિક શુભેચ્છા...

કેયુરભાઈ - મો. ૯૮૨૪૨ ૮૪૩૫૭
અતુલભાઈ - મો. ૯૯૨૪૧ ૨૦૨૭૦



હર્બલ તથા રો-મટીરીયલનાં વેપારી


''ગાંધી''
જમનાદાસ ગોરધનદાસ વિઠલાણી
રામ મંદિર સામે, પંચહાટડી ચોક, જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૨૧૧૭૫૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

## ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

## ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

# ગાંધીનગરમાં ૧૪મી કન્વેન્શન્સ ઈન્ડિયા કોન્કલેવનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ




## બે દાયકાથી વાઈબ્રન્ટ સમિટની સફળતાએ વિશ્વકક્ષાના આયોજનો પાર પાડવાની ગુજરાતની ક્ષમતા ઉજાગર કરી છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૨૪ના પ્રિ-વાયબ્રન્ટ ઈવેન્ટ રૂપે આયોજિત ૧૪મી કન્વેન્શન્સ ઈન્ડિયા કોન્કલેવ-૨૦૨૩નો પ્રારંભ કરાવતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૦૩થી શરૂ થયેલી વાઈબ્રન્ટ સમિટની સફળતાએ વિશ્વકક્ષાના આયોજનો સુપેરે પાર પાડવાની ગુજરાતની ક્ષમતા ઉજાગર કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાનની વિઝનરી લીડરશીપમાં ભારત હવે વર્લ્ડ વાઈડ માઈસ ડેસ્ટિનેશનના રૂપમાં તૈયાર થઈ રહ્યું છે અને ગુજરાતમાં માઈસ ઈન્ડસ્ટ્રી માટે બેસ્ટ ચોઈસ બનવા સજ્જ છે.

આ ૧૪મી કન્વેન્શન્સ ઈન્ડિયા કોન્ક્લેવનું ત્રિ-દિવસીય આયોજન રાજ્ય સરકારના પ્રવાસન વિભાગે કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલયના ઈન્ડિયા કન્વેન્શન્સ પ્રમોશન બ્યુરોના સહયોગથી કર્યું છે. આ કોન્કલેવમાં ડેલિગેટ્સ, એક્ઝિબિટર્સ અને બાયર્સ મળી ૪૦૦થી વધુ લોકો સહભાગી થઈને **B2B** મીટિંગ્સ અને કોન્ફરન્સ કરવાના છે.

મુખ્યમંત્રીએ પ્રવાસન ક્ષેત્રમાં ૪૦ ટકાથી વધુ આવક માઈસ ઈન્ડસ્ટ્રીમાંથી આવે છે તેનો ઉલ્લેખ કરતા કહ્યું કે, રોજગાર સર્જન, સ્થાનિક અર્થતંત્ર પર વ્યાપક લાભદાય અસરો વગેરે માટે આ ઈન્ડસ્ટ્રીમાં મોટો અવકાશ રહેલો છે અને તેના પર ધ્યાન આપવું પણ આવશ્યક છે.તેમણે વડાપ્રધાનના માર્ગદર્શન અને નેતૃત્વમાં ભારતે ૨૨૦ ની પ્રેસિડેન્સી કરી તેમાં ગુજરાતે ૧૭ જેટલા ઈવેન્ટ્સના આયોજન સફળતાથી પૂર્ણ કર્યા તેની પણ ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, ગુજરાતમાં એડવેન્ચર ટુરીઝમ, હેરિટેજ ટુરીઝમ, રિલીજિયસ ટુરીઝમ ફૂલ્યા ફાલ્યા છે અને હવે કોન્ફરન્સ ટુરીઝમ તરફ ગુજરાત આગળ વધ્યું છે. મહાત્મા મંદિર, સ્ટેચ્યુ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ અને ટેન્ટ સિટી વગેરે સ્થળો પ્રવાસન સાથે નેશનલ અને ઈન્ટરનેશનલ કોન્ફરન્સના આયોજન માટે પણ બેસ્ટ ડેસ્ટિનેશન બન્યા છે એમ તેમણે જણાવ્યું હતું. આ કોન્કલેવ ફાઈવ ટ્રિલિયન ડોલર ઈકોનોમીના સંકલ્પને સાકાર કરવા માટે સસ્ટેઈનેબલ માઈસ એમ્પાવરીંગની થીમ સાથે યોજાઈ રહી છે તે વિકસિત ભારત@૨૦૪૭માં નવું બળ પૂરું પાડશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ દર્શાવ્યો હતો.

ગુજરાતમાં માઈસ ઈન્ડસ્ટ્રીઝને નવી ગતિ અને દિશા આપવા આ કોન્ક્લેવ દરમિયાન વિવિધ ર્ં પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાએ કહ્યું કે, વિશ્વના પ્રવાસીઓ માટે ગુજરાત હોટ ફેવરિટ ડેસ્ટીનેશન બન્યું છે. ગુજરાતમાં હેરિટેજ સ્થળો, પ્રાગઐતિહાસિક વિરાસતો, તીર્થસ્થાનો, યાત્રાધામો અને સફેદ રણ જેવા વિવિધ કુદરતી સૌંદર્ય સ્થળોનો ખજાનો રહેલો છે. ઉપરાંત, ગુજરાતના પર્વતો, જંગલો, દરિયાકિનારા અને રણ પ્રદેશ પ્રવાસીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર રહ્યા છે.

મંત્રી બેરાએ ઉમેર્યું કે, તાજેતરમાં જ કચ્છના ધોરડોને યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝશન દ્વારા 'બેસ્ટ ટુરિઝમ વિલેજ'નો એવોર્ડ પ્રાપ્ત થયો છે. વિશ્વના પ્રવાસીઓના પ્રવાસ અનુભવને અભૂતપૂર્વ બાનાવવા મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે.

મંત્રી બેરાએ વધુમાં ઉમેર્યું કે, ગુજરાત પ્રવાસન નિગમ એડવેન્ચર, વાઈલ્ડલાઈફ, **MICE**, મેડિકલ, વેલનેસ અને રિવર ક્રૂઝ ટુરિઝમ જેવા વિવિધ પ્રકારના ટુરિઝમને પ્રોત્સાહિત કરી રહ્યું છે. આજે ગુજરાતમાં **MICE** ટુરિઝમ એટલે કે મીટિંગ્સ, ઈન્સેન્ટિવ્સ, કોન્ફરન્સ અને એક્ઝિબિશન આયોજિત કરવા માટેના પ્રવાસનને વેગ મળી રહ્યો છે.

મંત્રી બેરાએ વધુમાં જણાવ્યું કે, આ કોક્લેવ એક એક્સક્લુઝિવ **MICE** ઈવેન્ટ છે, જે ભારતીય **MICE** ઈન્ડસ્ટ્રીના સપ્લાયરો સહિત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મીટિંગના આયોજકોને એક પ્લેટફોર્મ પર એકસાથે લઈ આવશે. ગુજરાતની પ્રવાસન નીતિ સસ્ટેનેબલ ટુરિઝમ પર ભાર મૂકે છે અને આ કોક્લેવ પણ સસ્ટેનેબિલિટી પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ કોક્લેવનો ઉદ્દેશ ગુજરાતમાં સ્થિત **MICE** ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રદર્શિત કરવાનો છે, જેથી વધુને વધુ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક કોન્ફરન્સને ગુજરાતમાં આકર્ષિત કરી શકાય અને તેના દ્વારા ગુજરાતને ભારતના **MICE** નકશા પર નિશ્ચિત સ્થાન આપી શકાય.

પ્રવાસન સચિવ હારિત શુક્લાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા પ્રવાસન પથ, ટુરિઝમ યર સહિતના વિવિધ પ્રયાસો કર્યા, તેના પરિણામે જ ગુજરાત આજે દેશનું પ્રવાસન કેન્દ્ર બન્યું છે. આજે વિદેશી પ્રવાસીઓ માટે ગુજરાત પ્રથમ પસંદગી છે, જ્યારે ડોમેસ્ટિક પ્રવાસનમાં પણ ગુજરાત દેશમાં પ્રથમ પાંચમા સ્થાન ધરાવે છે. ગુજરાતની અનોખી સાંસ્કૃતિક વિરાસત દર વર્ષે અનેક પ્રવાસીઓનું ધ્યાન આકર્ષિત કરે છે. તેમણે ઉમેર્યું કે, છેલ્લા કેટલાક સમયમાં ગુજરાતમાં ડિફેન્સ એક્સ્પો, જી-૨૦, આઈપીએલ, ક્રિકેટ વર્લ્ડ કપ અને વાઈબ્રન્ટ સમિટ સહિતની અનેક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોનું આયોજન થયું છે. દરેક ક્ષેત્રે અગ્રેસર રહેતું ગુજરાત હવે **MICE** ક્ષેત્રે પણ ધ્યાન કેન્દ્રિત કરી આ ક્ષેત્રે પણ અગ્રણી બને તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સાથે જ વિશ્વની મહત્વની ઈવેન્ટ્સ ભારત અને ખાસ કરીને ગુજરાતમાં આવે તે માટે પણ પ્રયત્નો કરશે.

ઈન્ડિયા કન્વેન્શન્સ પ્રમોશન બ્યુરોના વાઈસ પ્રેસિડેન્ટ અમરેશ તિવારીએ **ICPB**ની ભૂમિકા વિશે સૌને માહિતગાર કર્યા હતા. સાથે જ તેમણે વૈશ્વિક સ્તરે **MICE** એટલે કે મીટિંગ્સ, ઈન્સેન્ટિવ્સ, કોન્ફરન્સ અને પ્રદર્શન ક્ષેત્રની પ્રવર્તમાન પરિસ્થિતિ અને આ ક્ષેત્રની ક્ષમતા અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે કહ્યું હતું કે, વૈશ્વિક સ્તરે **MICE** એ ૮૦૦ બિલિયન ડોલર ઈન્ડસ્ટ્રી છે, પરંતુ તેમાં ભારતનું યોગદાન એક ટકા કરતાં પણ ઓછું છે. એટલા માટે જ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ભારતમાં **MICE** ક્ષેત્રનો વિકાસ કરવા પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેના માટે કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા **"India as a MICE Destination"** કેમ્પેઈન પણ ચલાવવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં **TCGL** અને **ICPB** એ ઈન્ડિયન સોસાયટી ઓફ બ્લડ ટ્રાન્સફયુઝન એન્ડ ઈમ્યુનોહેમેટોલોજી, ઈન્ડિયન એન્ડોડોન્ટિક સોસાયટી, એઈડ્સ સોસાયટી ઓફ ઈન્ડિયા તેમજ ફાયર સિક્યુરિટી એસોસિએશન ઓફ ઈન્ડિયા સાથે રાષ્ટ્રીય એમઓયુ તથા ઈન્ટરનેશનલ કોંગ્રેસ એન્ડ કન્વેન્શન્સ એસોસીએશન સાથે આંતરરાષ્ટ્રીય એમઓયુ સાઈન થયા હતા.

આ પ્રસંગે ઈન્ડિયા કન્વેન્શન્સ પ્રમોશન બ્યૂરો અને ટુરિઝમ કૉર્પોરેશન ઓફ ગુજરાતના અધિકારીઓ, **MICE** સેક્ટરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ હાઈકોર્ટ એડવોકેટ એસો.માં ઉમેદવારી કરતા આકાશ પંડયા

### બે વાર કમિટીમાં વિજેતા બાદ બાદ ત્રીજી વાર ઝંપલાવ્યું : આ વર્ષે જંગી લીડથી વિજેતા માટેના પ્રયાસો : તા.૧૬ના રોજ પરિણામ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૮

અમદાવાદ ગુજરાત બાર એસોસિએશનના નિયમો ૨૦૧૫ના નિયમ-૪૯ મુજબ રાજ્યમાં તમામ બાર એસોસિએશનો માટે ચૂંટણીની પ્રક્રિયા ફરજિયાત બનાવી છે. તે સંદર્ભે અમદાવાદ હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનમાં કારોબારી કમિટીમાં આકાશ જયંતકુમાર પંડયાએ ઉમેદવારી કરી છે અગાઉ બે વખત કમિટીમાં મેમ્બર તરીકે જંગી બહુમતીથી ચૂંટાઈ ગયા હતા ત્રીજી વખત ઉમેદવારી કરી મોટી લીડથી જીતના નિર્ધાર સાથે ઝંપલાવ્યું છે. એડવોકેટ આકાશ પંડ્યા હાઈકોર્ટમાં છેલ્લા ૧૩ વર્ષેથી ક્રિમીનલ વકીલાત કરે છે. તેમની માતા હર્ષાબેન રાજકોટ બારમાં ૩૨ વર્ષથી સિવિલ પ્રેક્ટિસ કરે છે. પિતા જયંતભાઈ પંડ્યા અમદાવાદ હાઈકોર્ટમાં સદસ્યતા સાથે ક્રિમિનલ પ્રેક્ટિસ કરે છે ઉપરાંત વિજ્ઞાન જાથામાં રાજ્યમાં ૩૩ જિલ્લામાં વિજ્ઞાન લક્ષી કામગીરી કરે છે. હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનની કારોબારીમાં ઉમેદવારીપત્રક ભરીને વકીલ મિત્રોના સંપર્ક કરીને મોટી લીડ માટે પ્રયત્નો કરી રહ્યા છે. બે વખત વિજેતા ના કારણે કામગીરીનો બહોળો અનુભવ કામ આવશે. ન્યાયતંત્રની ગરિમા, સ્વતંત્રતા જાળવીને બાર પ્રશ્નો ઉકેલી શકાય તે માટે કાયમી પ્રયત્નશીલની ખાત્રી આપવામાં આવશે. અમદાવાદ હાઈકોર્ટમાં સૌરાષ્ટ્રના વકીલો માં કામગીરી સૂઝના કારણે લોકપ્રિય સ્થાન જાળવી રાખ્યું છે તેથી વિજેતાનો નિર્ધાર સાથે પ્રચારમાં સાથી મિત્રો સાથે જોડાયા છે. વિજેતાની શુભેચ્છાઓ સાથે આરંભ કર્યો છે. આગામી ૧૬મી ડિસેમ્બરના રોજ પરિણામ જાહેર થશે.

# કાઠી કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓ અને શિક્ષકોએ ગિરનાર પરિક્રમા રૂટની સફાઈ કરી

### ગિરનાર જંગલમાંથી પ્લાસ્ટીક દૂર કરી જંગલને પ્લાસ્ટીક મુક્ત કરવું અતિ આવશ્યક : ડો. જીતુભાઈ ખુમાણ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ વન વિભાગ, જૂનાગઢ તળેના ગિરનાર અભયારણ્ય જંગલ વિસ્તારમાં ચાલુ વર્ષે ગિરનારની લીલી પરિક્રમા-૨૦૨૩ અંતર્ગત પરિક્રમામાં આવેલ શ્રધ્ધાળુઓ દ્વારા પરિક્રમા રૂટના જંગલ વિસ્તારમાં ફેંકવામાં આવેલ પ્લાસ્ટિક તથા કચરાના નિકાલ માટે નાયબ વન સંરક્ષક, જૂનાગઢ વન વિભાગ, જૂનાગઢની સુચના અને માર્ગદર્શન હેઠળ પરીક્ષેત્ર વન અધિકારી, ડુંગર દક્ષિણ પરીક્ષેત્ર, જૂનાગઢએ તેમના કાર્યવિસ્તારમાં આવતા ઈટવા ગેઈટથી ઈટવા ઘોડી વિસ્તાર ઉપર કાઠી કન્યા છાત્રાલાય, જૂનાગઢના ૩ શિક્ષકો અને ૫૫ વિદ્યાર્થીઓ દ્વારા અંદાજિત ૭૦૦ કિ.ગ્રા. જેટલો પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવામાં આવેલ છે. આમ, વન વિભાગના સ્ટાફ, મજુરો, કાઠી કન્યા છાત્રાલાય, જૂનાગઢના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળી અંદાજિત ૧.૧ ટન જેટલો પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે. આ સફાઈ અભિયાનમાં શિક્ષકો ડો. જીતુભાઈ ખુમાણ, શૈલેન્દ્રસિંહ વાઘેલા અને પ્રફુલાબેન જોડાયા હતા. આ કાર્યને સંસ્થાના પ્રમુખ રામભાઈ વાળા અને આચાર્ય જયશ્રીબેને બિરદાવી હતી.

# ખંભાળિયામાં સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજની નવી ઈમારતનું આવતીકાલે ભૂમિ પૂજન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તત્કાલીન ધારાસભ્ય સ્વ. મેઘજીભાઈ કણજારીયા તથા સ્વ. કાળુભાઈ ચાવડાના પ્રયાસોથી સરકારી આર્ટસ અને કોમર્સ શરૂ થઈ હતી. પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી આ કોલેજ માટે અહીં બિલ્ડીંગ ન હોવાથી આ કોલેજ અહીંની જી.વી.જે. હાઈસ્કૂલના બિલ્ડિંગમાં ચલાવવામાં આવતી હતી. આ કોલેજની જગ્યા બાબતે, ટેન્ડરો મંજૂર થવા અંગે તથા અન્ય મુદ્દાઓ અંગેના પ્રશ્નો વારંવાર ઉપસ્થિત થતા હતા. અહીંની આ કોલેજ પછી મંજૂર થયેલી કલ્યાણપુર તથા ભાણવડની કોલેજના નવા બિલ્ડીંગો બની ગયા હતા. પરંતુ ખંભાળિયાની કોલેજનું બિલ્ડીંગ બન્યું ન હતું. આ પછી ખંભાળિયાના વર્તમાન ધારાસભ્ય તથા રાજ્યના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના પ્રયાસોથી આ તમામ પ્રશ્નોનું નિરાકરણ આવી જતા આવતીકાલે શનિવારે નવા બિલ્ડિંગનું ભૂમિ પૂજન યોજવામાં આવ્યું છે. ખંભાળિયામાં સલાયા માર્ગ ઉપર આવેલા હરીપર ગામ પાસેની વિશાળ જગ્યામાં જુના સરકારી ફાર્મ હાઉસ પાસે કરોડો રૂપિયાના ખર્ચે બનનાર આ નવા અધ્યતન બિલ્ડીંગનું ભૂમિ પૂજન શનિવાર તા. ૯ મી ના રોજ સાંજે સાડા પાંચ વાગ્યે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે થશે. જેમાં સ્થાનિક આગેવાનો, અધિકારીઓ તથા સરકારી કોલેજનો સ્ટાફ સાથે વિદ્યાર્થીઓ પણ જોડાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ખંભાળિયાની સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં એટલી સંખ્યા રહે છે કે, પ્રવેશ શરૂ થતા જ તમામ જગ્યાઓ ભરાઈ જાય છે. તેમજ અહીંનું પરિણામ પણ ખૂબ જ સારૂ આવે છે.

## અવસાન નોંધ : બેસણું



જૂનાગઢ : રાજકોટ નિવાસી સ્વ. નવનિતભાઈ (નવીનભાઈ) આપાભાઈ બામટા (ઉ.વ.૬૫) તે હિતેશભાઈ તથા તુષારભાઈના પિતાશ્રી તથા કનુભાઈના નાના ભાઈ તથા રાજુભાઈ(રાજકોટ નાગરિક બેંક), અશોકભાઈ, દિપકભાઈ (**A.S.I**-રાજકોટ સીટી પોલીસ)ના મોટા ભાઈ તેમજ જનકભાઈ ડાયાભાઈ મહેતા તથા ધીરૂભાઈ વી. મહેતાના સાળા તથા ધીરૂભાઈ બાબુલાલ માઢક તથા ચંદુભાઈ બાબુલાલ માઢક થતા નિલેશભાઈ બાબુલાલ માઢકના બનેવી તથા મનીષભાઈ, સંદીપભાઈના કાકા તથા મૌલિકભાઈ તથા પ્રતિકભાઈના મોટા બાપુજી થતા પંકજભાઈ, સમીરભાઈ તથા મયુરભાઈ મહેતાના મામાનું તા.૭-૧૨-૨૦૨૩ના રોજ અવસાન થયેલ છે. બેસણું તેઓના નિવાસસ્થાને બ્રહ્મનાદ સોસાયટી, જામનગર રોડ, ઘંટેશ્વર, તા.૧૧-૧૨-૨૦૨૩ સોમવારના સાંજે ૪ થી ૬ કલાકે. હિતેશભાઈ મો. ૯૯૭૪૮ ૨૦૪૫૦, તુષારભાઈ મો.૯૦૩૩૧ ૯૬૦૯૬.

# આવકવેરાનાં ૮ અધિકારીઓને હાઈકોર્ટની નોટીસઃ ઉધડો લીધો

અમદાવાદ,તા.૮

અમદાવાદમાં દરોડા કાર્યવાહી દરમ્યાન વકીલની ઓફીસમાં ત્રાટકીને દસ્તાવેજો જપ્ત કરવા તથા બળજબરીપૂર્વક વકીલને સાથે લઈ જવાની કાર્યવાહી સામે ગુજરાત હાઈકોર્ટે આવકવેરા અધિકારીઓનો ઉધડો લીધો હતો અને આઠ અધિકારીઓને નોટીસ પાઠવી છે.

આવકવેરાના ઈન્વેસ્ટીગેશન વિંગના ડાયરેકટર જનરલ અરવિંતસિંઘ સરનેમ સહીત આઠ અધિકારીઓને નોટીસ આપવામાં આવી છે. આવકવેરા કાયદા હેઠળ અધિકારોનો અત્યાચારી ઉપયોગ કરવા બદલ કૃત્ય આચરનારા અધિકારીઓ સામે પગલા કેમ ન લેવા તેવુ શોકોઝ નોટીસ દર્શાવ્યુ છે.

અમદાવાદમાં દરોડા કાર્યવાહી દરમ્યાન આવકવેરા અધિકારીઓએ દસ્તાવેજ કબ્જે લેવા માટે એડવોકેટ મૌલીક શેઠની ઓફીસમાં દરોડો પાડયો હતો. વકીલને બળજબરીપૂર્વક લઈ જવાયા હતા. આ મામલે તેઓએ હાઈકોર્ટમાં પીટીશન કરી હતી તેની સુનાવણીમાં જસ્ટીસ ભાર્ગવ કારીયા તથા જસ્ટીસ નિરલ મહેતાની બેંચે આવકવેરા વિભાગના વકીલને પણ એમ કહ્યું કે, કાલે ખુદ તેઓ પણ સુરક્ષીત નહીં રહી શકે?.

આવકવેરા અધિકારીઓ શું પોલીસ અધિકારી છે? વકીલને લાગતુ વળગતુ ન હોય તેવા દસ્તાવેજો તેની પાસેથી કેવી રીતે કબ્જે કરી શકે? વકીલ પાસે કલાયન્ટના ખાનગી દસ્તાવેજો હોય છે.તેને અડકી પણ કેમ શકે? કંઈ જોગવાઈ હેઠળ તેઓએ અધિકારોને ઉપયોગ કર્યો તે જણાવો. અત્યાચાર આચરવા જેવુ કૃત્ય વકીલ પર આચર્યું છે.

હાઈકોર્ટે એવી આકરી ટકોર કરી હતી કે આવા પ્રકારનાં કૃત્યથી કોઈપણ પ્રોફેશ્નલ વ્યવસાયીક સુરક્ષીત ન રહી શકે. આફરે ૧૯૭૫-૭૬ માં નથી જીવતા જયારે તેમ ગમે ત્યાં જઈને ગમે તેમ ફરી શકતા હતા. આ કોઈ ઈમરજન્સીની સ્થિતિ નથી.

# જૂનાગઢમાં આજે બાળકો માટે વિનામૂલ્યે સારવાર કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

મહાત્મા ગાંધીજીના આદેશને માન આપી મુંબઈ મેડિકલ કોલેજનો અભ્યાસ છોડી સ્વાતંત્ર સંગ્રામમાં ઝંપલાવનાર તથા આઝાદ ભારતના જૂનાગઢમાં ૧૮૬૧-૬૨ના કાર્યકાળમાં નગરપાલિકાના પ્રમુખ તરીકે વિશિષ્ઠ સેવા આપનાર દ્રઢ પુરૂષ રેવન્યુ કાયદાના બાહોશ વકીલ સ્વ. દીલસુખભાઈ દવેની મૃત્યુંતિથી નિમિતે ડો. જગદિશ દવેના ઢાલરોડ સ્થિત દવાખાને તા.૮-૧૨-૨૦૨૩ના રોજ સાંજે ૬ થી ૮ અંતર્ગત ગરીબ સ્થિતિના બાળકોને વિનામૂલ્યે સારવાર અપાશે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ. દિલસુખભાઈ દવેએ જળ સંકટ વખતે જૂનાગઢ-આણંદપુર ડેમ પાઈપલાઈન નખાવી જૂનાગઢનું જળ સંકટ દુર કરેલ હતું.

# ગિરનાર મહોત્સવનાં કલાકારોને સન્માનીત કરાયા



જૂનાગઢ તા.૮

ગિરનાર મહોત્સવ કાર્યક્રમના અંતિમ દિવસે વિવિધ ક્ષેત્રના મહાનુભાવોના હાથે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ શરૂ થયેલો ભારતના વિવિધ પ્રાંતના કલાકારો દ્વારા ખૂબ જ સુંદર પ્રસ્તુતિ કરવામાં આવેલ તેમજ કાર્યક્રમના અંતમાં કલાકારોને સન્માનિત કરવામાં આવેલા કાર્યક્રમને સફળ બનાવવા પટેલ ફાઉન્ડેશનના એમ કે પટેલ (ડાયરેકટર), કિશોરભાઈ ચાવડા, વિનુભાઈ પટેલ, રાજય ભાઈ ઠાકર શૈલેષ પંડ્યા વગેરે એ જહેમત ઉઠાવેલ.

# યુનેસ્કો દ્વારા ગુજરાતનું ગૌરવ અને સાંસ્કૃતિક વિરાસત સમા ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર' તરીકે જાહેરાતની ઉજવણી

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના ભદ્રકાળી મંદિર પરિસર ખાતે યોજાયેલા વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં : રાજ્યના દરેક જિલ્લામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા : જૂનાગઢમાં જ્ઞાનબાગ ગુરૂકુળ ખાતે કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા. ૮

યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ (અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર) તરીકે જાહેરાતની ઉજવણી પ્રસંગે અમદાવાદના ભદ્રકાળી મંદિર પરીસર ખાતે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્યમંત્રીએ નગરદેવીમાં ભદ્રકાળીના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા તથા રાસ ગરબાના વિવિધ પ્રકારોને સમાવેશ કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો. બૉત્સ્વાના ખાતે આજે યુનેસ્કો (યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) દ્વારા ગુજરાતની સંસ્કૃતિનું અભિન્ન અંગ એવા ગરબાને ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ (અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર) તરીકેની જાહેરાતનું રાજ્યભરમાં પ્રસારણ કરવામાં આવ્યું હતું. રાજયના અન્ય તમામ જિલ્લામાં આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવતા કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત સ્થાનિક લોકો કાર્યક્રમને માણ્યો હતો. દરેક જિલ્લામાં યોજાયેલા કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢ ખાતે જ્ઞાનબાગ ગુરૂકુળમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ યુવાઓ દ્વારા ગરબા સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ, જૂનાગઢ હરેશભાઇ ઠુંમરની અધ્યક્ષતામાં યોજાયેલ હતો. જૂનાગઢ મહાનગરપાલિકા હરેશભાઇ પરસાણા, જિલ્લા યુવા વિકાસ અધિકારી, એન.ડી.વાળા તથા સ્વામી નારાયણ જ્ઞાનબાગ ગુરૂકુળના કેમ્પસ ડાયરેકટર, આશીષ કાચા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

### નાગરિકોને મતદારયાદીમાં નામ દાખલ, સુધારો અને કમી કરવાની ઘર આંગણે તક

# જૂનાગઢ જીલ્લામાં આવતીકાલ તા.૯મી ડિસેમ્બરના મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ

### તા.૧ જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં ૧૮ પૂર્ણ કરનાર યુવાઓ મતદાર યાદીમાં નામ નોંધાવી શકશે

જૂનાગઢ, તા.૮

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૧-૧-૨૦૨૪ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદારયાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

રાજ્યભરમાં ખાસ સંક્ષિપ્ત સુધારણાના સમયગાળા દરમ્યાન ખાસ ઝુંબેશ આવતીકાલ તા.૯-૧૨-૨૦૨૩(શનિવાર)ના રોજ બુથ લેવલ ઓફિસર્સ સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા દરમ્યાન સંબંધિત બૂથ ઉપર હાજર રહેશે અને નાગરિકોને રૂબરૂ જોવા માટે મતદાર યાદી ઉપલબ્ધ કરાવશે. આમ, મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારા કે કમી કરવા માટે બીએલઓ ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વય જૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદારયાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચના **VOTER HELPLINE APP** અને **VSP** ઉપર ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

તા.૯/૧૨/૨૦૨૩ના રોજ મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ નો છેલ્લો દિવસ છે. આગામી વર્ષમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ નું આયોજન થનાર છે. જેમાં ૧૮-૧૯ વય જુથના તમામ મતદારો આ લોકશાહીના મહાપર્વમાં મતદાન કરી અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે હેતુથી ૧૮-૧૯ વય જુથમાં જો કોઈ પણ મતદાર મતદારયાદીમાં નામ નોંધવા પર બાકી હોય તો પોતાના મતદાન મથકના બી.એલ.ઓ. નો સંપર્ક કરી તા.૯/૧૨/૨૦૨૩ સુધીમાં પોતાના નામની નોંધણી કરાવી શકે છે.

વધુ માહિતી માટે સંબંધિત મતદાન મથકના બી.એલ.ઓ., મામલતદારશ્રીની કચેરી, પ્રાંત અધિકારીની કચેરી તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરે. તેમજ ચૂંટણી પંચની **Voter Helpline App./ www. voters. eci. gov. in** ઉપર લોગીન કરી ઓનલાઈન માધ્યમથી ફોર્મ ભરી શકશે.

### પરીક્રમા રૂટ ઉપર વનવિભાગનું સતત સફાઈ અભિયાન

# ગિરનાર અભયારણ્ય જંગલ વિસ્તારમાંથી ૧.૮ ટન કચરાનો નિકાલ કરાયો



જૂનાગઢ, તા.૮

જૂનાગઢ વન વિભાગ, જૂનાગઢ તળેના ગિરનાર અભયારણ્ય જંગલ વિસ્તારમાં ચાલુ વર્ષે ગિરનાર લીલી પરિક્રમા-૨૦૨૩ અંતર્ગત પરિક્રમામાં આવેલ શ્રધ્ધાળુઓ દ્વારા પરિક્રમા રૂટના જંગલ વિસ્તારમાં ફેંકવામાં આવેલ પ્લાસ્ટિક તથા કચરાના નિકાલ માટે નાયબ વન સંરક્ષક, જૂનાગઢ વન વિભાગ, જૂનાગઢની સુચના અને માર્ગદર્શન હેઠળ આજ રોજ પરીક્ષેત્ર વન અધિકારી, ડુંગર દક્ષિણ પરીક્ષેત્ર, જૂનાગઢએ તેમના કાર્યવિસ્તારમાં આવતા ખોડીયાર ઘોડી વિસ્તારમાં વન વિભાગના ૧૦ મજુરો દ્વારા અંદાજિત ૧૦૦ કિ.ગ્રા. જેટલો પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવામાં આવેલ છે. પરીક્ષેત્ર વન અધિકારી, ડુંગર ઉત્તર પરીક્ષેત્ર, જૂનાગઢએ તેમના કાર્યવિસ્તારમાં પાટવડ રાઉન્ડ નળપાણી ઘોડી વિસ્તારમાં વન વિભાગના ૧૦ મજુરો દ્વારા અંદાજિત ૬૫૦ કિ.ગ્રા. અને માળવેલા ઘોડી ઉતર વિસ્તારમાં વન વિભાગના ૯ મજુરો દ્વારા અંદાજિત ૪૦૦ કિ.ગ્રા. તેમજ જાંબુડી રાઉન્ડ માળવેલા ઘોડી સરકડીયા ઘોડી ચઢાણ વિસ્તારમાં વન વિભાગના ૨૧ મજુરો ૭૭૫ કિ.ગ્રા. પ્લાસ્ટિક તથા કચરો એકઠો કરવાની કામગીરી કરતા ઉકત વિસ્તારોમાંથી કુલ ૧.૮ ટન પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવામાં આવેલ છે. આમ, વન વિભાગના સ્ટાફ, મજુરો, કાઠી કન્યા છાત્રાલાય, જૂનાગઢના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળી અંદાજિત ૧.૯ ટન જેટલો પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર સ્મૃતિ કેન્દ્ર દ્વારા

# સૂક્ષ્મ પીયત પદ્ધતિઓ દ્વારા ખેતીમાં મહત્તમ ઉત્પાદન માટે એક પ્રગતિશીલ ખેડૂતનું એવોર્ડ દ્વારા સન્માન કરાશે

### એવોર્ડ માટે અરજી કરવા ઈચ્છતા સૌરાષ્ટ્રના ખેડૂતોએ તા. ૩૧ ઓગસ્ટ સુધીમાં અરજી કરવી

જૂનાગઢ,તા.૮

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલ સરદાર સ્મૃતિ કેન્દ્ર દ્વારા દર વર્ષે રજત જયંતિ એવોર્ડ આપી એક પ્રગતિશીલ ખેડૂતનું એવોર્ડ દ્વારા સન્માન કરવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે સૂક્ષ્મ પીયત પદ્ધતિઓ દ્વારા ખેતીમાં મહત્તમ ઉત્પાદન માટે સૌરાષ્ટ્રના ખેડૂતોએ તા. ૩૧/૮/૨૦૨૪ સુધીમાં અરજી કરવી. અખંડ ભારતના અજોડ શિલ્પી ખેડૂત સરદાર વલ્લભભાઈ પટેલ ની જન્મ શતાબ્દી વર્ષ ૧૯૭૫ ની યાદ માં શરૂ કરવામાં આવેલ સરદાર સ્મૃતિ કેન્દ્રો પૈકીના જૂનાગઢ કેન્દ્ર એ ૧૯૯૯-૨૦૦૦ નું વર્ષ રજત જયંતિ વર્ષ તરીકે ઉજવેલ છે. આ પ્રસંગની યાદગીરી માટે અને કેન્દ્રની પ્રવૃત્તિઓનો વ્યાપ વધે અને બહોળા પ્રમાણમાં ખેડૂતો આ કેન્દ્રનો લાભ લેતા થાય તેવા આશય થી સરદાર સ્મૃતિ કેન્દ્ર જૂનાગઢ રજત જયંતિ એવોર્ડ શરૂ કરવામાં આવેલ છે. સરદાર સ્મૃતિ કેન્દ્રની ખેડૂત અને ખેતી વિકાસની પ્રવૃત્તિઓથી થી તથા પોતાની આગવી સુઝ અને નવું અપનાવવાની સાહસવૃદ્ધિથી ઘણા ખેડૂતો પ્રગતિશીલ બન્યા છે. આવી નવીનતમ તજજ્ઞતા અપનાવી વધુ ઉત્પાદનલક્ષી અભિગમ દાખવનાર અને તેના ફેલાવામાં સહાયરૂપ થનાર એક ખેડૂતને આ એવોર્ડ આપી તેનું બહુમાન કરી પ્રોત્સાહિત કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૨૩-૨૪ નો વિષય સુક્ષ્મ પીયત પદ્ધતિઓ દ્વારા ખેતીમાં મહત્તમ ઉત્પાદન - આ એવોર્ડ સૌરાષ્ટ્ર વિસ્તાર (જૂનાગઢ, પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર, જામનગર, ભાવનગર, રાજકોટ, ગીર સોમનાથ , દેવભૂમિ દ્વારકા અને મોરબી જિલ્લાના કોઈપણ ખેડૂતને આપવાનું નક્કી કરવામાં આવેલ છે.આ એવોર્ડ માટે અરજી કરવા ઈચ્છતા ખેડૂતો એ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, સંશોધન કેન્દ્રો, તેમજ તેમની નજીકની સ્વૈચ્છિક સંસ્થાની ભલામણ સાથે તા. ૩૧/૮/૨૦૨૪ સુધીમાં મળી જાય તે રીતે નિયત ફોર્મ અરજી કરવાની રહેશે.અરજીત્રક જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ની વેબસાઈટ **www.jau.in** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. આ અંગે વધુ માહિતી માટે મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી (માહિતી) સરદાર સ્મૃતિ કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ નો સંપર્ક કરવાનું વિસ્તરણ શિક્ષણ નિયામક, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મેંદરડાના નાની ખોડીયાર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને આવકાર



મેંદરડા, તા.૮

મેંદરડાના નાની ખોડીયાર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ગ્રામજનોએ ઉત્સાહભેર આવકારી હતી. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્ર રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવાની સાથે તેના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના ૪ વિશિષ્ટ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ ગામની બે રમતવીર દીકરીઓનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. ધરતી કહે પુકાર કે લઘુ નાટકના માધ્યમથી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી કરવા માટે પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત નાની ખોડિયાર ગામને ઓડીએફ પ્લસ ગામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. મેરી કહાની મેરી જુબાની અંતર્ગત વિવિધ કેન્દ્ર રાજ્ય સરકારની યોજનાઓના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. ઉપરાંત ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે ગ્રામજનો સંકલ્પબધ્ધ થયા હતા. તેમજ નલ સે જલ યોજનાના સફળતાપૂર્વક અમલીકરણ માટે અભિનંદન પત્ર ગ્રામ પંચાયતને એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અગ્રણી જોલીતભાઈ બુસા, સરપંચ જગદીશભાઈ સોલંકી, જયેશભાઈ સોલંકી, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી એસ.ડી. ગજેરા સહિત વિવિધ વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લામાં રોકાતા મુસાફરોની યાદી પથિક વેબ પોર્ટલ ઉપર રજીસ્ટર કરાવવી ફરજીયાત

### હોટલ, ગેસ્ટહાઉસ, આશ્રમ, મંદિર, મસ્જિદ, અતિથિગૃહ, સમાજવાડી, ધર્મશાળા, ફાર્મહાઉસ તથા રિસોર્ટ ધારકોએ ૨૪ કલાકમાં પોલીસ દ્વારા તૈયાર કરાયેલ પોર્ટલ રજીસ્ટર કરવું ફરજીયાત

જૂનાગઢ તા.૮

ત્રાસવાદી/અસામાજિક તત્વો જિલ્લાના વિસ્તારોમાં આવેલ હોટલ, ગેસ્ટ હાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ સમાજની વાડીઓ, લોજ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો, ફાર્મ હાઉસ તથા રિસોર્ટમાં ગુપ્ત આશરો મેળવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ હાથ કરતા હોય તેમજ તેઓ આવા આશ્રયસ્થાનો ઉપર રહી જિલ્લાની ભીડભાડવાળી જગ્યાઓ, મોટી હોસ્પિટલો, વખતોવખતના અહેવાલો તથા અમુક બનાવોના આધારે અનુભવે જરૂરી હોવાનું જણાવી જૂનાગઢ જિલ્લા વિસ્તારના આવા સ્થળોએ રહેવાની સુવિધા કોઈપણ વ્યક્તિઓને પૂરી પાડે ત્યારે તેની એન્ટ્રી ૨૪ કલાકમાં પોલીસ દ્વારા તૈયાર થાય કરાયેલા ઓનલાઈન વેબ પોર્ટલ **http:"//pathik.guru/** માં કરવા તથા આનુસંગિક સૂચનાઓને અમલવારી અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામત અને સુરક્ષા જાળવવા વિશ્રામ ગૃહ, સમાજની વાડીઓ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો ફાર્મ હાઉસ, રિસોર્ટની જૂનાગઢ જિલ્લાની એસ.ઓ.જી.શાખાની ઓફિસમાં રજીસ્ટર કરાવી વેબ પોર્ટલ **http:"// pathik.guru/** માટેના યુઝર આઈડી પાસવર્ડ મેળવી લઈ રોજે રોજ આવતા તમામ રોકાણ કરતા મુસાફરોની રજીસ્ટરમાં નોંધ કરવી ત્યારબાદ ૨૪ કલાકની અંદર ઓનલાઈન પોર્ટલમાં એન્ટ્રી કરવી. તે સિવાય કોઈ પણ વ્યક્તિને આવા આઈડી પ્રૂફ મુજબની પુરા નામ સરનામા સાથે ૨૪ કલાકમાં કરવાની રહેશે. તમામ ભારતીય મુસાફરોની ફોટો આઈડી તરીકે તેઓના અસલ આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ પાનકાર્ડ ચેક, કરી તેને અપલોડ કરવાના રહેશે. ફોટો આઈ.ડી પ્રૂફ તરીકે ઝેરોક્ષ કોપી મેળવીને તેઓ ઉપર તેઓની સહી લેવાની રહેશે.આ રોકાયેલ વિદેશી માધ્યમ મુસાફરોને મળવા આવતા સ્થાનિક અન્ય ઈસમો મુલાકાતઓની અલાયદી નોંધ રાખી તેઓના અસલ ફોટો આઈડી ચેક કરી તેની નકલ

[redacted]

# માંગરોળના ભાથરોટ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સામૈયું

### ધારાસભ્ય દેવાભાઈ માલમની ઉપસ્થિતિમાં પ્રજાલક્ષી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું : ટીબી સ્ક્રિનિંગ સહિતની આરોગ્ય સેવાઓ લાભ મેળવતા ગ્રામજનો

માંગરોળ, તા.૮

માંગરોળના ભાથરોટ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું કુમારિકા બાળાઓએ પરંપરાગત પરિધાનમાં સામૈયું કર્યુ હતું. ઉપરાંત ગ્રામજનોએ પણ તિરંગો ફહેરાવી વિકસિત ભારત સંકલ્પ યાત્રાને આવકારી હતી. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં કેશોદના ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી અને તેમના હસ્તે કેન્દ્ર રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોએ ટીબી સ્ક્રિનિંગ ઉપરાંતની આરોગ્ય સેવાઓ લાભ મેળવ્યો હતો. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓ અને રમતવીરોનું સન્માન કરવામાં આવ્યું હતું સાથો સાથ ગામના વિશિષ્ટ મહિલાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ધરતી કહે પુકાર કે લઘુ નાટકના માધ્યમથી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી માટે પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિવિધ જન



કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓએ મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત પોતાના પ્રતિભાવો આપ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન સોમતભાઈ વાસણ, સરપંચ દેવીબેન વાઢીયા સહિતના અગ્રણીઓ અને જુદા જુદા વિભાગના કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

### નેશનલ હેરાલ્ડ કાંડ : કરોડોની સંપદાને પોતાની સંપત્તિ કઈ રીતે બનાવી લીધી?

ઈડીએ નેશનલ હેરાલ્ડ કાંડમાં એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ અને યંગ ઈન્ડિયનની લગભગ ૭૫૨ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કર્યા બાદ કોંગ્રેસ અને ભાજપમાં આરોપ-પ્રત્યારોપનો દોર ચાલુ થઈ ગયો છે, જે સ્વાભાવિક છે. જ્યાં કોંગ્રેસ ઈડીની કાર્યવાહીને બદલાનું રાજકારણ ગણાવી રહી છે, ત્યાં જ ભાજપ એ પ્રશ્ન પૂછી રહી છે કે આખરે ગાંધી પરિવારે નેશનલ હેરાલ્ડની કરોડોની સંપદાને પોતાની સંપત્તિ કઈ રીતે બનાવી લીધી? આ એ પ્રશ્ન છે, જેનો જવાબ તો મળવો જ જોઈએ. કોંગ્રેસ ભલે ઈડીની કાર્યવાહી પર ખીજાઈ હોય, પરંતુ એ તથ્ય અવગણી ન શકાય કે નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા અને રાહુલ જામીન પર બહાર છે. એક તથ્ય એ પણ છે કે દિલ્હીની એક અદાલતે જોયું હતું કે કોંગ્રેસી નેતાઓએ નેશનલ હેરાલ્ડ સહિત અન્ય અખબારોનું પ્રકાશન કરનારી કંપની એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડને ખોટી રીતે આંચકી લીધી. કોંગ્રેસને આ મામલે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાંથી પણ રાહત નથી મળી શકી, તેથી તેનો અંદેશો ઘેરાય છે કે આ મામલે કંઈક તો એવું જ છે, જેને કારણે કોંગ્રેસી નેતા કઠેરામાં છે.

સ્વતંત્રતા પહેલાં કોંગ્રેસના શીર્ષ નેતાઓ સહિત લગભગ પાંચ હજાર સ્વતંત્રતા સેનાનીઓએ મળીને અંગ્રેજીમાં નેશનલ હેરાલ્ડ, હિંદીમાં નવજીવન અને ઉર્દૂમાં કૌમી આવાજ નામે અખબારોનું પ્રકાશન શરૂ કર્યું હતું. આ અખબારોનું પ્રકાશન કરનારી કંપની એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ પર કોઈ એક નેતાનો માલિકી અધિકાર ન હતો. વર્ષ ૨૦૦૮માં ઉપરોક્ત અખબારોનું પ્રકાશન બંધ થઈ ગયું, કારણ કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ નુકસાનમાં ગઈ. ૨૦૧૦માં કોંગ્રેસ નેતાઓએ યંગ ઈન્ડિયા લિમિટેડ નામે એક કંપની બનાવી, જેમાં સોનિયા અને રાહુલ ગાંધીની હિસ્સેદારી ૩૮-૩૮ ટકા હતી. બાકી હિસ્સેદારી એવા કોંગ્રેસી નેતાઓ પાસે હતી, જેઓ ગાંધી પરિવારના ખૂબ વફાદાર ગણાતા. કોંગ્રેસે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડને નુકસાનમાંથી બહાર કાઢવા માટે ૯૦ કરોડ રૂપિયાની લોન આપી, પરંતુ તેમ છતાં કંપનીની આર્થિક સ્થિતિ સુધરી નહીં. આ મામલે પહેલો સવાલ એ ઊઠ્યો કે શું કોઈ રાજકીય પક્ષને આ પ્રકારે કોઈ કંપનીને લોન આપવાનો અધિકાર છે? આ સવાલ એટલા માટે ઊઠ્યો, કારણ કે આવકવેરા સંબંધી નિયમ કોઈ પક્ષને એ અનુમતિ નથી આપતા ક તે કોઈ કંપની સાથે લેવડ-દેવડ કરે. ગાંધી પરિવાર અને તેમના નજીકના નેતાઓની માલિકીવાળી યંગ ઈન્ડિયન કંપની પર એક ગંભીર આરોપ એ પણ છે કે તેણે ફક્ત ૫૦ લાખ રૂપિયા આપીને એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડનું અધિગ્રહણ કરી લીધું અને આ રીતે તે આ કંપનીની કરોડોની સંપત્તિના માલિક બની ગયા. આ સંપત્તિ દિલ્હી, મુંબઈ, લખનૌ વગેરે શહેરોમાં છે. જોકે અખબારોનું પ્રકાશન બંધ થયા બાદ આ સંપત્તિનો વ્યાવસાયિક ઉપયોગ કરાવા લાગ્યો, તેથી ગાંધી પરિવાર પર એ આરોપ પણ લાગ્યો કે તે ખોટી રીતે આંચકી લેવાયેલી કંપનીનો વ્યાવસાયિક ઉપયોગ કરીને ગેરકાયદે કમાણી કરી રહ્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સતત કર્મ કરતા રહેવું એજ વિશ્રામ છે.

- સ્વામી રામતીથ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૧૧ ઉત્પતિ એકાદશી (સ્માર્ત) તા.૮ ડિસેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૨૪, હસ્ત નક્ષત્ર, સૌભાગ્ય યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૨૧, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), રાત્રે ૯:૫૪ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. સ્વજન સાથે મતભેદ થાય.
વૃષભ:આર્થિક પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય બાબતે સંભાળવું.
મિથુન:ધીરજના ફળ મીઠા જાણવા. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે.
કર્ક: અકારણ મનમાં અશાંતિ અનુભવાય. મહત્વનું કાર્ય અટકે.
સિંહ: આર્થિક સમસ્યા ઉકેલાઈ જાય. તમારી ઈચ્છા ફળતી લાગે.
કન્યા: માનસિક અશાંતિ દૂર થાય. આત્મવિશ્વાસમાં વધારો થાય.
તુલા: મનની મુરાદ પૂરી થાય. ધન લાભના યોગ છે.
વૃશ્ચિક:આર્થિક સમસ્યા દૂર થાય. પ્રવાસથી લાભ થાય.
ધન: ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. મહત્વની સમસ્યા ઉકેલાય.
મકર: ગૃહજીવનને લગતા કાર્યમાં સફળતા મળે. નાણાંકીય લાભ મળે.
કુંભ: આવકની તક સાંપડે. નવી ઓળખાણ લાભ આપી જાય.
મીન: પુરૂષાર્થ પ્રમાણે ફળ મળે. સંતાનવર્ગ સાથે સંઘર્ષમાં ન ઉતરવું.

# બાનાસકાંઠાના દવાખાનામાં ઓપીડી અને દવાનો ખર્ચ છે માત્ર એક રૂપિયો


## પાંચ રૂપિયામાં પાંચ દિવસની દવા આપવામાં આવે છે અહીંના લોકો આ દવાખાનાને આશીર્વાદ માને છે, છેલ્લા ૫૦ વર્ષથી ચાલતું આ દવાખાનું ચાર આના નામે ઓળખાય છે

પાલનપુર, તા.૮

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં એક એવું દવાખાનું આવેલું છે જે માત્ર એક રૂપિયામાં જ દવા કરે છે. છેલ્લા ૫૦ વર્ષથી ચાલતું આ દવાખાનું 'ચાર આના' નામે ઓળખાય છે. મોટી સંખ્યામાં દર્દીઓ અહીંયા દવા કરાવવા આવતા હોય છે અને એક રૂપિયાની દવામાં જ શરદી, ખાંસી, તાવ, ઝાડા, ઉલટી જેવી અનેક બીમારીઓ મટી જતી હોય છે. આ અનોખું દવાખાનું બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરના કમાલપુરા વિસ્તારમાં આવેલું છે. મણિબહેન ચેરીટેબલ ટ્રસ્ટ દવાખાનું સમગ્ર પાલનપુર શહેરમાં ચારા આના નામથી પ્રખ્યાત છે. જોકે હવે માત્ર એક રૂપિયામાં દર્દીઓને તપાસી એક દિવસની દવા આપવામાં આવે છે. જો પાંચ દિવસની દવા લેવી હોય તો પણ પાંચ રૂપિયા જ ચૂકવવા પડે છે. આજથી ૫૦ વર્ષ પહેલાં મુંબઈના ટ્રસ્ટી દ્વારા મણિબહેન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આ દવાખાનું શરૂ કરાયું હતું. માત્ર ચાર આના એટલે કે, ૨૫ પૈસામાં જ આ વિસ્તારના ગરીબ લોકોને આરોગ્ય સેવા પૂરી પાડવાનું બીડું ઝડપ્યું હતું. ૫૦ વર્ષોમાં લાખો ગરીબ વર્ગના જરૂરિયાતમંદ લોકો માટે આ દવાખાનું આશીર્વાદરૂપ સાબિત થયું છે. સમય જતાં ચાર આના બંધ થઈ જતા આજે માત્ર એક રૂપિયામાં જ મેડિકલ ચેક અપ દવા ડ્રેસિંગ સહિતની સેવા પૂરી પાડવામાં આવે છે. સમગ્ર પાલનપુર સહિત આજુબાજુના વિસ્તારના લોકો પણ આ ચારણા એટલે કે એક રૂપિયાની દવા લેવા મોટી સંખ્યામાં લોકો પહોંચતા હોય છે. દિવસની ઓપીડી ૧૫૦ કરતા વધારે થતી હોય છે માત્ર એક રૂપિયાની દવામાં જ લોકોનું સ્વાસ્થ્ય સારું થઈ જતું હોય છે. પાંચ રૂપિયામાં પાંચ દિવસની દવા આપવામાં આવે છે અહીંના લોકો આ દવાખાનાને આશીર્વાદ માને છે. ચાર આના દવાખાનામાં બધા જ પ્રકારના દર્દી આવે છે. અહીં શરદી, ખાંસી, તાવ, ઝાડા, ઉલ્ટી, ગેસ, એસિડીટી, મરડો, બહેનોના પ્રોબ્લેમ, વાળ ખરવા, ખીલ વગેરેના પેસેન્ટ આવે છે. અત્યારે પ્રાઈવેટ હોસ્પિટલમાંમાં દર્દી જાય તો ૩૦૦થી ૫૦૦ રૂપિયા ઓપીડીનો ખર્ચ થાય છે. અહીંયા પેસેન્ટ આવે છે તો જરૂર હોઈ તો જ એને ટેસ્ટ માટે કહેવામાં આવે છે. ગરીબ દર્દીઓ માટે આ દવાખાનું ભગવાન સમાન છે.

આજના યુગમાં એક રૂપિયાની કિંમત કાંઈ નથી. હોસ્પિટલનો ખર્ચ હજારોમાં થાય છે પરંતુ પાલનપુરના કમાલપુરા વિસ્તારમાં આવેલું આ દવાખાનું એક રૂપિયામાં ગરીબ દર્દીઓને સારવાર પૂરી પાડીને માનવતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડે છે.

# ટેબલ પરના ફૂડનો ફોટો પાડતા આવી ગયું ૫૦ લાખનું બિલ



નવી દિલ્હી, તા.૭

લોકો ઘણીવાર સારા ભોજન માટે રેસ્ટોરન્ટ તરફ વળે છે. જો કે, લોકો બહાર જમવા જતા પહેલા તેમનું બજેટ ચોક્કસપણે તપાસે છે. પરંતુ શું થાય છે જ્યારે તમે રેસ્ટોરન્ટમાં ખાધું હોય અને બિલ તમારા બજેટની બહાર આવી જાય તો, ચીનમાં એક મહિલા સાથે આવું જ કંઈક થયું હતું. જો કે, આ બિલ તે ફૂડ માટે હતું જે તેણે ઓર્ડર કર્યું જ ન હતું. મહિલાનું ફૂડ બિલ ૪૩૦,૦૦૦ યુઆન (લગભગ ૫૦ લાખ ૫૨ હજાર રૂપિયા) હતું. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટે અહેવાલ મુજબ, વાંગ તરીકે ઓળખાતી આ મહિલાએ ગયા મહિને તેના મિત્ર સાથે હોટપોટ રેસ્ટોરન્ટની મુલાકાત લીધી હતી અને ઈન્ટરનેટ યુગમાં સામાન્ય છે તેમ તેણે તેના સોશિયલ મીડિયા પર વાનગીઓના ફોટા પોસ્ટ કર્યા હતા. જો કે, એક ફોટામાં તેણીએ ટેબલનો ઊઈ કોડ પણ લઈ લીધો હતો જેના પર તેણી અને તેણીનો મિત્ર જમતા હતા. ઉલ્લેખનીય છે કે, **COVID-19** થી રેસ્ટોરાંએ ટેબલ પર ઊઈ કોડ ઈન્સ્ટોલ કર્યા છે જે ગ્રાહકોને તેમના સ્માર્ટફોનનો ઉપયોગ કરીને ખોરાકનો ઓર્ડર આપે છે. આ ટેક્નોલોજી વાંગ અને અન્ય લોકોની સગવડ માટે હતી. પરંતુ નેટીઝન્સે સોશિયલ મીડિયા પર આ ઊઈ કોડ જોતા જ તેઓ તેનો ઉપયોગ ઓનલાઈન ફૂડ ઓર્ડર કરવા માટે કરવા લાગ્યા હતા. જો કે, વાંગે તેના પ્રતિબંધિત વીચેટ મોમેન્ટ્સ પેજ પર ફોટો પોસ્ટ કર્યો હતો, જેને માત્ર ઊઝરહૂં માં તેના કોન્ટેક્ટ્સ જ જોઈ શકતા હતા, આ લિસ્ટમાં મોટી સંખ્યામાં એવા લોકો સામેલ હતા જેમણે કોડ સ્કેન કરવાનું શરૂ કર્યું હતું. ઓર્ડરનો એકસાથે ઢગલો થતા આશ્ચર્યચકિત થઈને ૪૩૦,૦૦૦ યુઆન ઓર્ડરની પુષ્ટિ કરવા વાંગના ડેસ્ક પર દોડી ગયા હતા. વાંગ તરત જ સમજી ગઈ કે શું થઈ રહ્યું છે અને તરત જ તેની પોસ્ટ હટાવી દીધી, પરંતુ ઓર્ડર આવતા જ રહ્યા હતા. બહાર આવ્યું છે કે, કેટલાક વપરાશકર્તાઓએ ફોટો ડાઉનલોડ કર્યો હતો અને ખોરાક પ્રાપ્ત કરવાની આશામાં ઓર્ડર કરવાનું ચાલુ રાખ્યું હતું. વાંગે પાછળથી તેના ટેબલ પરથી આપેલા ઓર્ડરનો સ્ક્રીનશોટ શેર કર્યો હતો.

### દેશમાં પાલતું શ્વાનના લોકો પર હુમલો કરવાના બનાવો વધ્યા

# શ્વાનોની ખતરનાક પ્રજાતીઓ રાખવા પર પ્રતિબંધ માટે અલ્ટિમેટમ

## દિલ્હી હાઈકોર્ટનો કેન્દ્ર સરકારને શ્વાનોની ખતરનાક પ્રજાતિઓ સંદર્ભે ત્રણ મહિનામાં નિર્ણય લેવા આદેશ

નવી દિલ્હી, તા.૮

દેશમાં કેટલીક જગ્યાએ પાલતું શ્વાનના લોકો પર હુમલો કરવાના બનાવો બન્યા હતા. જે અંગે દિલ્હી હાઈકોર્ટેમાં અરજી કરવામાં આવી હતી.

હાઈ કોર્ટે બુધવારે કેન્દ્ર સરકારને શ્વાનોની ખતરનાક પ્રજાતિઓ રાખવા માટેના લાઈસન્સ પર પ્રતિબંધ લગાવવા અને રદ કરવાના મેમોરેન્ડમ પર ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો. કાર્યકારી ચીફ જસ્ટિસ મનમોહન અને મિની પુષ્કર્ણની બેન્ચે અરજદારને કહ્યું કે પ્રસાશનને આ મુદ્દા પર નિર્ણય લેવા દો કારણ કે તેઓ સંબંધિત કાયદા અને નિયમોનો મુસદ્દો તૈયાર કરે છે. સુનાવણી દરમિયાન, કોર્ટે શ્વાનની સ્થાનિક પ્રજાતિઓને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

કોર્ટે કહ્યું કે ભારતીય પ્રજાતિઓનું ધ્યાન રાખવાની જરૂર છે, તેઓ વધુ મજબૂત છે. તેઓ સરળતાથી બીમાર પડી જતા નથી કારણ કે તેઓ સ્થાનિક પરિસ્થિતિઓથી ટેવાઈ ગયા છે. કેન્દ્ર સરકારના વકીલે કહ્યું કે મેમોરેન્ડમ સંબંધિત વિભાગને મોકલવામાં આવ્યું છે અને તેના પર હિતધારકો સાથે ચર્ચા કર્યા પછી નિર્ણય લેવામાં આવશે. ગત ઓક્ટોબર ૫ના રોજ તત્કાલિન મુખ્ય ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માની આગેવાની હેઠળની ડિવિઝન બેન્ચે આ મુદ્દા પર અરજદારની પીઆઈએલ પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તેણે પહેલા તેની ફરિયાદ સાથે સરકારી અધિકારીઓનો સંપર્ક કરવો જોઈએ. અરજીમાં કાયદાકીય સલાહકાર અને બેરિસ્ટર લૉ ફર્મે આરોપ મૂક્યો હતો કે બુલડોગ્સ, રોટવેઈલર્સ, પિટબુલ્સ, ટેરિયર્સ, નેપોલિટન માસ્ટિફ્સ જેવી જાતિના શ્વાન ખતરનાક સાબિત થઈ શકે છે અને ભારત સહિત ૧૨ થી વધુ દેશોમાં તેના પર પ્રતિબંધ છે, પરંતુ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન હજી પણ આના પર પ્રતિબંધ મૂક્યો નથી. તેમની નોંધણી કરી રહ્યા છીએ.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે આવી જાતિના કૂતરાઓ તેમના માલિકો સહિત અન્ય લોકો પર હુમલો કરવાની ઘણી ઘટનાઓ બની છે. આના પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

# કોકાકોલા ગુજરાતમાં રૂા. ૩૦૦૦ કરોડનું રોકાણ કરશે

ગાંધીનગર,તા. ૮

આગામી માસમાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ પૂર્વે રાજયમાં જંગી મૂડી રોકાણની જાહેરાત શરૂ થવા લાગી છે અને અમેરિકન સોફ્ટ ડ્રિંક જાયન્ટ કોકાકોલા પણ હવે ગુજરાતમાં રૂા. ૩૦૦૦ કરોડનું રોકાણ સાથે સાણંદ નજીક એક બેવરેજ પ્લાન્ટ સ્થાપી રહી છે સીધા વિદેશી મૂડી રોકાણના ભાગરૂપે કોકાકોલાની સબસીડરી ઈન્ટરનેશનલ રીફ્રેશમેન્ટ (ઈન્ડીયા) પ્રા.લી.ના મારફત આ મુડી રોકાણ ધ કોકાકોલા કંપની દ્વારા કરવામાં આવશે.

રાજય સરકારના સુત્રોના જણાવ્યા મુજબ આ માટે સાણંદ પાસે ૧.૬ લાખ સ્કવેર મીટર જમીન કોકાકોલા કંપની માટે એલોટ કરવામાં આવી છે અને આગામી એક વર્ષમાં આ પ્લાન્ટ કાર્યરત થઈ જશે. ગુજરાતમાં કોકાકોલા તે બોટલીંગ પાર્ટનર મારફત મોટુ મુડી રોકાણ ધરાવે છે અને હવે આ વધુ એક મુડી રોકાણ ગુજરાત સરકારની ફાસ્ટટ્રેક સિસ્ટમ મારફત મંજુર કરવામાં આવી છે. સૌપ્રથમ કંપનીને અનુકુળ યોગ્ય જમીન ફાળવણી થઈ છે. આ પ્લાન્ટમાં કંપની તેના પીણાના મુળ બેવરેજ બેઝ ઉપરાંત કોન્સનટ્રેટ તૈયાર કરશે. આણંદ પાસે કોકાકોલાનો બીજો પ્લાન્ટ આવશે.

આ પ્લાન્ટ ફુલ્લી ઓટોમેટેડ હશે અને તેમાં રોબોટીક ટેકનોલોજીનો ઉપયોગ હશે જેના કારણે ઉત્પાદન પ્રક્રિયાનું ડિવાઈસ આધારીત મોનીટરીંગ અને કંટ્રોલ સાથે સ્ટોરેજ તેમજ અન્ય સિસ્ટમ પણ ઓટોમેટીક હશે.

### એપલ અને મેટાને ટક્કર આપવા આલ્પાબેટ સજ્જ

# ગુગલે એડવાન્સ એઆઈ મોડેલ જેમિની લોન્ચ કર્યું

## ગુગલની જેમિની એઆઈને એક જ સમયે ઘણી રીતે કામ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે

વોશિંગ્ટન, તા.૮

ગૂગલની મૂળ કંપની આલ્ફાબેટેએપલઅને મેટાને ટક્કર આપવા પોતાનું સક્ષમ એવું મોટું એઆઈમોડેલ જેમિની લોન્ચ કર્યું. ગૂગલનું આ એઆઈમોડેલ ખુબ જ એડવાન્સ છે. દુનિયાભરના બાર્ડઅને પિક્સલયુઝર્સ માટે જેમિનીએઆઈઉપલબ્ધ થયું છે. ગૂગલે તેના એઆઈસંશોધન એકમો, ડીપમાઈન્ડ અને ગૂગલ બ્રેઈનને ડીપમાઈન્ડ નામના એક વિભાગમાં મર્જ કર્યા પછી આલ્ફાબેટનું પ્રથમ એઆઈમોડલ છે, જેની દેખરેખ ડીપમાઈન્ડના સીઈઓ ડેમિસ હાસાબીસ દ્વારા કરવામાં આવી છે.

જેમિની એઆઈની વિશેષતા બાબતે કંપનીએ માહિતી આપી છે કે જેમિની એઆઈને એક જ સમયે ઘણી રીતે કામ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. તે એક જ સમયે ટેક્સ્ટ, કોડ, ઑડિઓ, ઈમેજ અને વિડિયો જેવી વિવિધ પ્રકારની માહિતી પર કામ કરી શકે છે.

શરૂઆત પિક્સલ ૮ પ્રોમાં જેમિની નેનોથી થશે. તેની મદદથી, રેકોર્ડર એપમાં સમરાઈઝ ફીચર અને જીબોર્ડ દ્વારા સ્માર્ટ રિપ્લાય કરી શકાય છે. સ્માર્ટ રિપ્લાયનું ફીચર વોટ્સએપથી શરૂ થશે. આ ઉપરનું વર્ઝન જેમિનીપ્રોહશે જેનો ઉપયોગ રોજિંદા ઉપયોગના મોટા ભાગના કાર્યો સરળતાથી પૂર્ણ કરવા માટે થઈ શકે છે. તેનું ટોપ વર્ઝન જેમિની અલ્ટ્રા હશે જેનો ઉપયોગ ખાસ અને ખૂબ જ જટિલ કાર્યોને પૂર્ણ કરવા માટે કરવામાં આવશે. જેમિનીને સર્ચ, જાહેરાતો, ક્રોમ અને ડ્યુટી એઆઈજેવી સેવાઓ માટે પણ ધીમે ધીમે રોલઆઉટ કરવામાં આવશે.

જેમિની ૧.૦ને અલગ અલગ સાઈઝ જેમકે અલ્ટ્રા, પ્રો, નેનો માટે ઓપ્ટીમાઈઝ કરવામાં આવ્યું છે. એટલે કે અલગ અલગ વર્ઝન વિભિન્ન ટાસ્કને પુરા કરશે. પિચાઈના જણાવ્યા અનુસાર, 'જેમિની યુગનું આ પ્રથમ મોડલ છે અને આ વિઝનને સાકાર કરવાની દિશામાં પહેલું પગલું આ વર્ષની શરૂઆતમાં ગૂગલ ડીપ માઈન્ડની રચના દ્વારા લેવામાં આવ્યું હતું. આ નવું મોડલ એક કંપની તરીકે અત્યાર સુધી હાથ ધરેલા સૌથી મોટા વિજ્ઞાન અને એન્જિનિયરિંગ પ્રયાસો પૈકીનું એક છે. ચેટજીપીટીજેવી સામાન્ય એઆઈએપ્લિકેશન્સની દેખરેખ કેવી રીતે કરવી તે અંગે મહિનાઓની સખત વાટાઘાટો પછી, ઈયુએઆઈને સંચાલિત કરવા માટેના નિયમો પર કરાર ઈચ્છે છે. ઈયુવિશ્વના પ્રથમ એઆઈકાયદાને મંજૂર કરવા માટે દોડધામ કરી રહ્યું છે, કારણ કે ગયા વર્ષે જયારે ચેટજીપીટીબોટ જાહેર થયું ત્યારે બધા ચકિત થયા હતા. જયારે ચેટજીપીટીસેકન્ડોમાં કવિતાઓ કે નિબંધ જનરેટ કરી આપવાની તેની ક્ષમતાથી લોકો ખુબ જ પ્રભાવિત હતા.

# પન્નુ હત્યા ષડયંત્રની ભારતની તપાસના પરિણામોની રાહ જોઈશું

## અમારા વિદેશ મંત્રીએ આ મામલાને સીધો પોતાના ભારતીય સમકક્ષ સામે ઉઠાવ્યો છે અને તેમને કહ્યું છે કે, અમે આ મુદ્દાને પૂરી ગંભીરતાથી લઈએ છીએ: મૈથ્યૂ મિલર



નવી દિલ્હી, તા.૮

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત પન્નૂની હત્યાનું ષડયંત્ર મામલે ભારત પર લગાવવામાં આવેલા આરોપો વચ્ચે અમેરિકાએ આ મામલે ફરી નિવેદન આપ્યુ છે. અમેરિકી સરકારે કહ્યું કે, તે પન્નૂની હત્યાના ષડયંત્ર મામલે ભારતની તપાસના પરિણામોની રાહ જોશે. અમેરિકી વિદેશ મંત્રાલયના પ્રવક્તા મૈથ્યૂ મિલરે કહ્યું કે, અમારા વિદેશ મંત્રીએ આ મામલાને સીધો પોતાના ભારતીય સમકક્ષ સામે ઉઠાવ્યો છે અને તેમને કહ્યું છે કે, અમે આ મુદ્દાને પૂરી ગંભીરતાથી લઈએ છીએ. તેમણે કહ્યું કે, અમે આ મામલાની સંપૂર્ણ તપાસ કરીશું. તેમણે તપાસની વાત સાર્વજનિક રીતે કહી છે. હવે અમે તેમની તપાસ પૂર્ણ થવા અને તેમના પરિણામોની રાહ જોઈશું.મિલરે કહ્યું કે, અમારા માટે આ ગંભીર મુદ્દો છે. અમેરિકી અધિકારીએ એક દિવસ અગાઉ પણ કહ્યું હતું કે, અમે આતંરરાષ્ટ્રીય પજવણી સહન ન કરીએ પછી ભલે તે કોઈ પણ હોય. તેમણે કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા મામલે પણ ભારતને તપાસમાં સહયોગ કરવાની અપાલ કરી છે.અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા મૈથ્યુ મિલરે મંગળવારે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે જણાવ્યું કે, હું આ મામલે ટિપ્પણી નહીં કરીશ. કાયદા અમલીકરણ એજન્સી આ મામલાની તપાસ કરી રહી છે. અમેરિકી ન્યાય વિભાગ અદાલતમાં કેસ રજૂ કરવામાં આવી રહ્યો છે આવી સ્થિતિમાં કોઈપણ ટિપ્પણી કરવું મારા માટે અયોગ્ય છે. અમે આ મુદ્દો ભારત સરકારના સૌથી વરિષ્ઠ સ્તર પર ઉઠાવ્યો છે. તેમણે અમને જણાવ્યું કે, તેઓ તપાસ કરશે. તેમણે સાર્વજનિક રૂપથી તપાસની ઘોષણા કરી છે. અમે તપાસના પરિણામોની રાહ જોઈ રહ્યા છીએ. બીજી તરફ અમેરિકી ડેપ્યુટી એનએસએ ફાઈનરે ભારતીય અધિકારીઓ સાથે ચર્ચા દરમિયાન જણાવ્યું કે, ભારતીય તપાસમાં દોષી ઠેરવવામાં આવેલ વ્યક્તિ અમારા માટે મહત્વપૂર્ણ છે. આ અમારા માટે ગંભીર મુદ્દો છે.

# સગીરોના માનસ ઉપર નકારાત્મક અસર કરી રહેલ સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમનું વળગણ : સુરત, વડોદરાની ઘટનાઓ માતા-પિતા માટે લાલબત્તી સમાન છે

## સુરતમાં પિતાએ ઓનલાઈન પબજી ગેમ રમવાની ના પાડતા કિશોર વયના પુત્રએ સંબંધને લાંછન લગાવતા પિતાને ધક્કો મારી દીધો, પુત્ર ગેમમાં રૂપિયા હારી ગયો હતો, વડોદરામાં ૧૨ વર્ષની બાળાનું બોગસ સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવી તરૂણે ચેટિંગ કર્યું, મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યા

અમદાવાદ, તા.૮

કુમળી વયના લોકોમાં સોશિયલ મીડિયા અને ગેમ રમવાનું એવું તો ઘેલું લાગ્યું છે કે, હવે સગીર વયના લોકો કોઈપણ હદે જઈ રહ્યા છે અને સંબંધો પણ ભૂલ્યા છે. સમાજ માટે ચેતવણીરૂપ આ ઘટનાઓ માતાપિતા માટે શબક સમાન છે. સામાજિક અધઃપતનની આ બે ઘટનાઓ તંદુરસ્ત સમાજ માટે ચિંતન માંગી લે તેવી છે. એક ઘટના સુરતની છે જ્યાં ઓનલાઈન પબજી ગેમ રમી રહેલા કિશોર વયના પુત્રને પિતાએ ઠપકો આપતાં દીકરો ઉશ્કેરાઈ ગયો હતો અને ઘરમાં હિંસક વર્તન કરતા સગા પિતાને ધક્કો મારી દીધો હતો. બીજી ઘટના વડોદરાની છે જ્યાં તરૂણે ૧૨ વર્ષની બાળાનું બોગસ સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવી ચેટિંગ કર્યું હતું અને ધમકી પણ આપતાં મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. બાળકો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે.

ઓનલાઈન ગેમ રમતા પુત્રનો કડવો અનુભવ સુરતના પરિવારને થયો છે. ઓનલાઈન ગેમિંગના રવાડે ચઢેલા કિશોરે પિતા સાથે ગેરવર્તન કર્યું છે. ગેમમાં રૂપિયા હારી ગયેલા કિશોરને પિતાએ ઠપકો આપતા તેણે પિતાને ધક્કો મારી ટીવી તોડી નાંખ્યું હતું. સુરતમાં ઓનલાઈન ગેમિંગના રવાડે ચઢેલા કિશોરે પોતાના પિતાને ધક્કો માર્યો છે. વાત જાણે આમ છે કે, ગેમમાં રૂપિયા હારી ગયેલા કિશોરને પિતાએ ઠપકો આપતા તેણે પિતા સાથે ગેરવર્તન કર્યું હતું. ગુસ્સામાં આવેલા કિશોરે ઘરનું ટીવી પણ ફોડી નાખ્યું હતું. પરિવારે પોલીસની મદદથી બાળકને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આજકાલ ઓનલાઈન ગેમિંગના રવાડે ચડેલા યુવાનો દેવાના ડુંગર તળે દબાઈ જાય છે તેમજ માનસિક સંતુલન પણ ગુમાવી બેસે છે. જેમાં પણ ઓનલાઈન જુગાર રમાડતી ગેમ એપ્લિકેશનની જયારે ભરમાર જોવા મળી રહી છે ત્યારે આવા સમયે મોબાઈલ વપરાશકર્તાઓ આવી એપ્લિકેશનની જાળમાં ફસાઈ જતા જોવા મળે છે.

વડોદરામાં બાર વર્ષની વયની એક વિદ્યાર્થિનીનું ૧૫ વર્ષના એક તરૂણે ફેક એકાઉન્ટ બનાવી બહેનપણી સાથે ચેટિંગ કરતા પોલ ખુલ્લી પડી હતી. જેથી રોષે ભરાયેલા તરૂણે વિદ્યાર્થિનીને રસ્તામાં હાથ પકડી ધમકી આપતા મામલો પોલીસ સ્ટેશનને પહોંચ્યો હતો. બાર વર્ષની વિદ્યાર્થીનીને તેની બહેનપણી તેમજ પિતરાઈએ ઈન્સ્ટાગ્રામ ઉપર ફોટા અપલોડ કરી એકાઉન્ટ બનાવવા બદલ તેમજ ચેટિંગ કરવા અંગે જાણ કરતા વિદ્યાર્થીનીએ તેણે કોઈ એકાઉન્ટ બનાવ્યું નથી તેમ કહ્યું હતું. વળી આ વિદ્યાર્થિની મોબાઈલનો ઉપયોગ પણ કરતી ન હતી અને જરૂર પડે મમ્મીના ફોનનો ઉપયોગ કરતી હતી. ઉપરોક્ત બનાવ બાદ વિદ્યાર્થિની ગભરાઈ ગઈ હતી અને ઘરની બહાર નીકળવાનું બંધ કરી સતત રડ્યા કરતી હતી. માતા તેને સમજાવી રહી હતી તે દરમ્યાન માતાના ફોન ઉપર વિદ્યાર્થિનીની પાછળ પડી ગયેલા તરૂણનો ફોન આવ્યો હતો. વિદ્યાર્થિનીની માતાએ સામેથી કોલ કરતા એક મહિલાએ ફોન ઉપાડ્યો હતો, જેથી વિદ્યાર્થિનીની માતાએ તરૂણની માતાને ફરિયાદ કરી હતી. આ બનાવ બાદ વિદ્યાર્થીની તેની બહેનપણી સાથે મંદિરે ગઈ ત્યારે રસ્તામાં તરૂણે તેને રોકી હાથ પકડી લીધો હતો અને તારી મમ્મીને કહી દેજે કે મારી મમ્મી સાથે વાત ન કરે નહીંતર જોવા જેવી થશે તેમ કહી ધમકી આપી હતી. વિદ્યાર્થિની ગભરાઈ જતા પરિવારજનોને જાણ કરી હતી જેથી અભયમની મદદ લઈ વિદ્યાર્થિનીનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ટીમે તરૂણને ઘેર જઈ તેની માતા સાથે પણ વાતચીત કરી હતી અને તરૂણને બોલાવવા માટે કહેતા માતાએ ના પાડી હતી. જેથી મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.



### મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાઈ પ્રિ-વાયબ્રન્ટ એક્સપોર્ટર્સ કોન્ફરન્સ

# વિકસિત ભારત@2047ના સંકલ્પને પાર પાડવામાં વિકસિત ક્રાંતિની સાથે નિકાસ ક્રાંતિ પણ નિર્ણાયક

## ગુજરાતની નિકાસ બેદાયકામાં ૨૪ ગણી જેટલી વધી : બલવંતસિંહ રાજપૂત



ગાંધીનગર,તા.૮

અમદાવાદમાં આયોજિત પ્રિ- વાઈબ્રન્ટ એક્સપોર્ટર્સ કોન્ફરન્સ- 'એક્સપોર્ટ એક્સેલરેટ'ને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ કોન્ફરન્સ રાઈટ જોબ એટ ટાઈમ છે. વાઈબ્રન્ટ સમિટ ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજવા જઈ રહી છે ત્યારે એક્સપોર્ટને એક્સલરેટ કરવા માટેની આ પ્રિ-વાઈબ્રન્ટ કોન્ફરન્સ એક મહત્ત્વની કડી સાબિત થશે. વડાપ્રધાનના વિકસિત ભારત@2047ના સંકલ્પને પાર પાડવામાં વિકાસ ક્રાંતિની સાથે નિકાસ ક્રાંતિ પણ નિર્ણાયક બની રહેશે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી વોકલ ફોર લોકલની વાત કરતા કહ્યું કે, એક સમયે ખૂબ આયાત કરનાર ભારત દેશ આજે અનેક વસ્તુઓ, ઉત્પાદનો અને સેવાઓ એક્સપોર્ટ કરતો દેશ બની ગયો છે. આજે ગુજરાત રાજ્ય કાચા માલને બદલે ફાયનલ પ્રોડક્ટ જ એક્સપોર્ટ કરી રહ્યું છે. વડાપ્રધાને દેશને 'વોકલ ફોર લોકલ'નું સૂત્ર આપ્યું છે અને હવે 'લોકલ ગોઝ ગ્લોબલ'નો નવો રાહ ચીંધ્યો છે. ડિજિટલ ટેકનોલોજી અંગે વાત કરતા તેમણે કહ્યું કે, વર્તમાન સમયમાં ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગથી વ્યક્તિ દુનિયાના કોઈ પણ છેડે પોતાની પ્રોડક્ટ વેચી શકે છે. ડિજિટલ ટ્રેડના કારણે એક્સપોર્ટ હવે વધુ સરળ, ઝડપી અને વિશ્વસનીય બન્યું છે. આ સાથે ડિજિટલ ટેકનોલોજીએ એક્સપોર્ટ સેક્ટરની નવી દિશાઓ ખોલી આપી છે. એમ.એસ.એમ.ઈ. વિશે વાત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, એમ.એસ.એમ.ઈ. એકમો પોતાની પ્રોડક્ટની નિકાસ કરી શકે તે માટે રાજ્ય સરકારે માર્કેટ ડેવલપમેન્ટ સહાય યોજના અંતર્ગત રૂપિયા ૪૩ કરોડની સહાય કરી છે. રાજ્યમાં બે દાયકામાં એમ.એસ.એમ.ઈ.ની સંખ્યા પોણા ૩ લાખથી વધીને ૮ લાખ ૬૬ હજારે પહોંચી ગઈ છે. ગુજરાત ભારતનું એક્સપોર્ટ હબ બનવા અગ્રેસર છે. વર્ષ ૨૦૦૨માં આપણા પોર્ટ્સ ઉપરથી ૧૨૦૦ લાખ મેટ્રિક ટન કાર્ગો વહન થતું તે આજે ૫૪૦૦ લાખ મેટ્રિક ટન થઈ ગયું છે. ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદૃષ્ટિને કારણે આજે ગુજરાત દેશનું એક્સપોર્ટ હબ બન્યું છે. આગામી સમયમાં ગુજરાત વિશ્વ સ્તરે એક્સપોર્ટ હબ બનશે. બે દાયકામાં ગુજરાતની નિકાસ ૨૪ ગણી વધી છે. ૪૮ બંદરો, એર કાર્ગો ચેઈન, ધોલેરા અને ગિફ્ટ સિટી જેવા પ્રકલ્પો અને માળખાકીય સુવિધાઓને કારણે દેશની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૩૩% થયો છે, એમ તેમણે જણાવ્યું હતું. નીતિ આયોગના વરિષ્ઠ સલાહકાર સંજીત સિંહે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના વિકસિત ભારતના લક્ષ્યની પૂર્તિ માટે નેતૃત્વ કરી શકે તેવું કોઈ રાજ્ય હોય તો એ ગુજરાત છે. વિકાસ અને નિકાસ મામલે ગુજરાત ફ્રન્ટ રનર રહ્યું છે. આજે અનેક ક્ષેત્રના ઉત્પાદકો અને રોકાણકારોને ગુજરાત આકર્ષી રહ્યું છે. વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા રાજ્યના વિકાસથકી રાષ્ટ્રના વિકાસનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતે પૂરૂ પાડ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

# મોંઘવારીનો વધુ એક માર : શિયાળાના આરંભ સાથે શાકભાજીના ભાવમાં બેથી ત્રણ ગણો વધારો થતાં લોકોના ઘરનું બજેટ ખોરવાયું



અમદાવાદ, તા.૮

તાજેતરમાં સમગ્ર રાજ્યમાં મુસીબતનું માવઠું ત્રાટક્યું હતું. કમોસમી વરસાદની સૌથી વધુ અસર ખેડૂતો, ગરીબો અને મધ્યવર્ગને થઈ છે. એક તરફ શિયાળામાં લીલા શાકભાજી વિપુલ પ્રમાણમાં બજારમાં જોવા મળતા હોય છે. ત્યારે આ વચ્ચે શિયાળાની સીઝન શરૂ થવા છતાં શાકભાજીના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. તેમજ શાકભાજીમાં બેથી ત્રણ ગણા ભાવ વધુ થયેલા જોવા મળી રહ્યા છે. એટલું જ નહીં શિયાળામાં ઊંધિયું બનાવવું ગ્રુહણીને મોંઘુ પડે તેવી સ્થિતિ બજારમાં જોવા મળી રહી છે. છેલ્લા થોડાં દિવસથી રાજ્યભરમાં કમોસમી વરસાદની સ્થિતિ જોવા મળી રહી છે. જેના કારણે તૈયાર શાકભાજીને પણ ઘણું નુકસાન થયું છે. સામાન્ય રીતે શિયાળામાં શાકભાજી રૂા.૨૦થી ૩૦ પ્રતિ કિલો મળે છે તેવા શાકભાજીનો ભાવ રૂા.૫૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. શિયાળામાં ઊંધિયું બનાવવું ગૃહિણીને મોંઘુ પડશે. શાકભાજીના ભાવમાં બેથી ત્રણ ગણો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. શિયાળામાં સસ્તા ભાવે મળતાં ફણસી રૂા.૧૦૦, આદું રૂા.૧૬૦ પ્રતિ કિલો સુધી પહોંચ્યા છે. તો લીલી ડુંગળી, ફલાવર અને કોબીજ રૂા.૬૦ પ્રતિ કિલો સુધી પહોંચ્યા છે. ગવાર અને ભીંડા રૂા.૧૨૦, સુરતી પાપડી, તુવેર રૂા.૧૦૦ પ્રતિ કિલો સુધી પહોંચ્યા છે. જયારે છેલ્લા ઘણાં સમયથી ટામેટાના ભાવમાં પણ અનિશ્ચિતતા છે. ટામેટા પણ ૬૦થી ૭૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચ્યો છે. જ્યારે મેથી, પાલક, કોથમીર, મૂળા, ગાજરનો ભાવ પણ રૂ.૫૦ પ્રતિ કિલો પહોંચ્યો છે. જે સામાન્ય રીતે શિયાળામાં શાકભાજી રૂા.૨૦થી ૩૦ પ્રતિ કિલો મળે છે. બજારમાં વેપારીઓના અનુસાર રાજ્યમાં થયેલા કમોસમી વરસાદના કારણે શાકભાજીના ભાવ વધ્યા છે. જેમાં હજી આગામી ૧ સપ્તાહ સુધી શાકભાજીના ભાવમાં ઘટાડાની સંભાવના નહિવત જોવામાં આવી રહી છે. તેમજ લગ્ન સિઝનના કારણે પણ શાકભાજીના ભાવમાં વધારો થયો છે.

# રાજ્યમાં ધો.૧૨ સાયન્સની પરીક્ષા માટે અત્યાર સુધી ૧.૨૫ લાખ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા

અમદાવાદ, તા.૮

ધોરણ-૧૨ સાયન્સની માર્ચ માસમાં લેવામાં આવનારી પરીક્ષા માટે અત્યાર સુધી ૧.૨૫ લાખ જેટલા વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે. મંગળવારના રોજ ફોર્મ ભરવાની મુદ્દત પુર્ણ થયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના ફોર્મ લેઈટ ફી સાથે સ્વિકારવાનું નક્કી કર્યું છે. જે મુજબ ૨૬ ડિસેમ્બર સુધીમાં ત્રણ તબક્કામાં લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવામાં આવનારી ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા માટે ૨૬ ઓક્ટોબરથી ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ માટે સ્કૂલોને ૫ ડિસેમ્બર સુધીની મુદ્દત આપવામાં આવી હતી. આમ, મંગળવારે ધોરણ-૧૨ સાયન્સના ફોર્મ ભરવાની મુદ્દત પુર્ણ થઈ ત્યાં સુધીમાં ૧.૨૫ લાખ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હોવાની વિગતો સામે આવી છે. જો કે, હજુ પણ કેટલાક વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાનું જણાતા બોર્ડ દ્વારા લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાનો નિર્ણય લીધો છે. પ્રથમ તબક્કામાં ૬ ડિસેમ્બરથી ૧૫ ડિસેમ્બર સુધી રૂ. ૨૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. ત્યારબાદ બીજા તબક્કામાં ૧૬ ડિસેમ્બરથી ૨૫ ડિસેમ્બર સુધી રૂા.૩૦૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારાશે અને છેલ્લે ત્રીજા તબક્કામાં ૨૬ ડિસેમ્બરના રોજ રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. ૨૬ ડિસેમ્બર સુધીમાં કોઈ પણ સમયે વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએ જ સુધારો કરી શકાશે.

# રાજ્યમાં યુરિયા ખાતરની અછતની ફરિયાદો સામે કૃષિ મંત્રીનો કોઈ અછત ન હોવાનો દાવો !

## કોડીનાર, ગીર-સોમનાથ સહિત રાજ્યના વિવિધ સ્થળોએ યુરિયા ખાતર માટે પડતી બૂમો !

ગાંધીનગર, તા.૮

રાજ્યભરમાં માવઠાના વારેઘડિયે માહોલ વચ્ચે ખેડૂતોખેતરોમાં વાવણીથી લઈને આગળ જતા વિવિધ પાકો બચાવવાના પ્રયાસો કરી રહ્યા છે. ત્યારે આવી સ્થિતિમાં રાજ્યમાં વિવિધ સ્થળોવિસ્તારોમાં પાક માટે જરૂરી એવા યુરિયા ખાતરની અછત સર્જાઈ હોવાની ફરિયાદો ઊઠી રહી છે અને તેમાંય કેટલાક સ્થળે તો ખેડૂતો રોષે ભરાઈને આવેદનપત્રો પણ પાઠવી રહ્યા છે ત્યારે તેની સામે સરકારના કૃષિ મંત્રીનું નિવેદન વિવાદાસ્પદ બનવા સાથે ખેડૂતોમાં રોષ ભડકાવે તેવું સામે આવ્યું છે. કૃષિ મંત્રીએ રાજ્યમાં યુરિયા ખાતરની કોઈ અછત ન હોવાનું જણાવી દીધું છે. કૃષિ મંત્રીના આ પ્રકારના નિવેદનથીખેડૂતોમાં રોષ વધે તેવી શકયતા જોવાઈ રહી છે. રાજ્યમાં યુરિયા ખાતરની અછતને લઈ વિવિધ સ્થળોથી બૂમો પડી રહી છે. ત્યારરાજયના કૃષિમંત્રી રાઘવજી પટેલનું નિવેદન સામે આવ્યું છે. કૃષિ મંત્રીએ જણાવ્યું કે, રાજ્યમાં યુરિયા ખાતરની કોઈ અછત જણાતી નથી. યુરિયાની અછતનો કોઈ પ્રશ્ન હશે તો નિરાકરણ લાવીશું. એટલું જ નહીં. વધુમાં તેમણે એમ પણ જણાવ્યું હતું કે, હાલમાં યુરિયાની અછત તો નથી. પરંતુ કોઈ વ્યક્તિગત પ્રશ્ન હોય તો કહેજો. યુરિયા ખાતરની અછતને પગલે કોડીનાર તાલુકાના ખેડૂતો રોષે ભરાયા છે. શિયાળુ પાકનું વાવેતર થઈ રહ્યું છે ત્યારે વર્તમાન સમયમાં પાયાના ખાતર તરીકે યુરિયા ખાતરને ખેડૂતો પ્રાથમિકતા આપી રહ્યા છે. પરંતુ સમયસર ખાતર નહીં મળતા હવખેડૂતો ઉગ્ર બની રહ્યા છે. જ્યારે ગીર સોમનાથનામાં યુરિયા ખાતર પુરૂ પાડવાની માંગ સાથે મામલતદારને આવેદનપત્ર આપ્યું છે. કોડીનારનાખેડૂત મંડળોએ આવેદનપત્ર પાઠવી પુરતો ખાતર મળી રહે તેવી માંગ પણ કરી છે. જરૂર પડે ત્યારે ખાતર ન મળતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. સરકાર તાત્કાલિક યુરિયા ખાતર પુરૂ પાડે તેવી માંગ ખેડૂતો કરી રહ્યાં છે. આમ, રાજ્યમાં વિવિધ સ્થળે યુરિયા ખાતરની અછત હોવા અંગેની ખેડૂત આલમમાંથી ફરિયાદો ઊઠી રહી છે તો તેની સામે મંત્રીનું આવું બે જવાબદાર નિવેદન ખેડૂતોની લાગણી ભડકાવે તેમ જણાય છે. ખેડૂતો યુરિયા ખાતર મેળવવા પ્રયાસો દેખાવો કરી રહ્યા છે અને તેનાથી સરકાર અજાણ બની રહી હોઈ ચર્ચા

## વ્હોટ્સએપ ટૂંક સમયમાં જ ટેલિગ્રામ જેવા ફિચર ઉપર કામ કરીને યુઝર્સને ફોન નંબર વગર પણ ચેટ કરવાની મંજૂરી આપી શકે છે

મેટા-માલિકીનું વ્હોટ્સએપ કથિત રીતે એક નવી સુવિધા પર કામ કરી રહ્યું છે, જે તમને **Android** ઉપર વપરાશકર્તાઓને તેમના વપરાશકર્તા નામ દ્વારા શોધવાની મંજૂરી આપશે. **WABetaInfo** દ્વારા શેર કરેલ સ્ક્રીનશોટમાં દર્શાવ્યા મુજબ, સર્ચ બાર વપરાશકર્તાઓને તેમના વપરાશકર્તા નામ દ્વારા અન્ય વપરાશકર્તાઓને શોધવાની મંજૂરી આપશે. આ નવું અપડેટ વ્યક્તિગત ફોન નંબર શેર કરવાની જરૂરિયાતને દૂર કરીને કનેક્ટ કરવાની પ્રક્રિયાને વધારશે અને ગોપનીયતામાં સુધારો કરશે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, વપરાશકર્તા નામને ગોઠવવાની પસંદગી સંપૂર્ણપણે વૈકલ્પિક છે અને વપરાશકર્તાઓ પાસે હંમેશા આ સુવિધા ઉપર નિયંત્રણ રહેશે કારણ કે, તેઓ કોઈપણ સમયે તેમના વર્તમાન વપરાશકર્તાનામને દૂર કરી શકે છે. અહેવાલમાં જણાવાયું છે કે, વપરાશકર્તાઓ તેમના ફોન નંબરો જાહેર કર્યા વિના અન્ય લોકો સાથે જોડાઈ શકશે. આ ખાસ કરીને એવા લોકો માટે ફાયદાકારક છે જેઓ અનામીનું સ્તર જાળવી રાખવા અથવા તેમની અંગત માહિતી ઉપર નિયંત્રણ રાખવા માંગે છે.

# દેશના અર્થતંત્ર માટે ઉત્સાહજનક સમાચાર ! ભારત ૨૦૩૦ સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે !! : S&P ગ્લોબલ રેટિંગ્સ



નવી દિલ્હી તા.૮

ભારતીય અર્થતંત્ર માટે સારા સમાચાર છે ! S&P ગ્લોબલ રેટિંગ્સ અનુસાર, ૨૦૩૦ સુધીમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે એવો અંદાજ છે. આ રેટિંગ એજન્સીનું અનુમાન છે કે ભારતની GDP વૃદ્ધિ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ૭% સુધી પહોંચશે. તેના ગ્લોબલ ક્રેડિટ આઉટલુક ૨૦૨૪માં, S&P એ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ૬.૪%ના GDP વૃદ્ધિની આગાહી કરી છે, જે અગાઉના નાણાકીય વર્ષમાં ૭.૨% હતી. આ વૃદ્ધિ દર આગામી નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫)માં ૬.૪% ઉપર રહેવાની અપેક્ષા છે તે પહેલા વધીને ૬.૯% અને છેવટે ૨૦૨૬-૨૭માં ૭% સુધી પહોંચશે. S&Pએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ભારત ૭% સુધી પહોંચે તેવો અંદાજ આપે છે. S&P એવું માને છે કે ભારત ૨૦૩૦ સુધીમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા જઈ રહ્યું છે અને આગામી ત્રણ વર્ષમાં તે સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બનશે તેવી અપેક્ષા છે. હાલમાં, ભારત વિશ્વ અર્થતંત્રમાં યુએસ, ચીન, જર્મની અને જાપાન પછી પાંચમા ક્રમે છે. આ રેટિંગ એજન્સી ભારતના વૈશ્વિક ઉત્પાદન હબ બનવાના મહત્વ વિશે પણ વાત કરે છે, જે દેશ માટે નોંધપાત્ર તક રજૂ કરે છે. તે એક મજબૂત લોજિસ્ટિક્સ માળખાની જરૂરિયાત ઉપર ભાર મૂકે છે જેથી ભારતને સેવાઓ સાથે પ્રબળ અર્થતંત્રમાંથી ઉત્પાદન પ્રભુત્વ ધરાવતા અર્થતંત્રમાં પરિવર્તિત કરી શકાય. ભારતના જીડીપીના ઊંચા ડેટા કહે છે કે, ભારતીય અર્થતંત્ર મજબૂત છે, અને તે મોટી અર્થવ્યવસ્થાઓને પાછળ રાખી દેશે. શ્રમ બજારની સંભાવના માટે, S&P એ કામદારોને કુશળ બનાવવા અને કર્મચારીઓમાં મહિલાઓની ભાગીદારી વધારવાનું સૂચન કરે છે. એજન્સી માને છે કે આ ક્ષેત્રોમાં સફળતા ભારતને તેના ડેમોગ્રાફિક ડિવિડન્ડનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં સક્ષમ બનાવશે. S&P એ પણ નિર્દેશ કરે છે કે ભારતના સ્થાનિક ડિજિટલ બજાર આગામી દાયકામાં તેજી આવશે, અને ખાસ કરીને નાણાકીય અને ઉપભોક્તા તકનીકમાં ઉચ્ચ- વૃદ્ધિવાળા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિસ્તરણમાં ફાળો આપી શકે છે. અર્થતંત્ર માટે $5 ટ્રિલિયનનું સ્વપ્ન ટૂંક સમયમાં સાકાર થશે. ફિનમિન કહે છે કે ભારત અમૃતકાળમાં આ સીમાચિહ્નરૂપ વહેલી તકે હાંસલ કરશે. વધુમાં, S&P ભારતના ઓટોમોટિવ સેક્ટરમાં સંભવિત વૃદ્ધિ અંગે પણ વાત કરે છે, જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, રોકાણમાં વધારો અને ઈનોવેશનને ફાળો આપતા પરિબળો વિશે વાત કરવામાં આવી છે. S&Pનું આ અવલોકન ભારતે સપ્ટેમ્બરના ક્વાર્ટર માટે ૭.૬%ના અપેક્ષિત દર કરતાં વધુ ઝડપી વૃદ્ધિ કરી તેના પછી સામે આવ્યું છે.

# ધારાસભ્ય દેવાભાઈ માલમની પ્રેરક ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' નું ફુલરામા ગામે આગમન

## યોજનાકીય ફિલ્મ નિહાળી લાભાન્વિત થઈ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ગ્રામજનો સંકલ્પબધ્ધ



જૂનાગઢ, તા.૮


જનજન સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચાડી ગ્રામીણ વિકાસને પાયાથી મજબુત કરીને આગામી વર્ષ ૨૦૪૭ સુધી ભારતને વિકસિત રાષ્ટ્રની હરોળમાં પહોંચાડવાની સંકલ્પ સાથે વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ઝારખંડ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" માંગરોળ તાલુકાના ગામેગામ ભ્રમણ કરીને વંચિત લાભાર્થીઓના ઘરઆંગણે કેન્દ્ર-રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓ" પહોંચાડી રહી છે. આ સંકલ્પ યાત્રાનું માંગરોળ તાલુકાના ફુલરામા ગામે આગમન થતા ગામની દીકરીઓએ કુમકુમ તિલક કરીને સંકલ્પ રથનું ઉષ્માભેર સ્વાગત કર્યુ હતું.

આ વેળાએ ધારાસભ્ય દેવાભાઈ માલમે જણાવ્યું હતું કે, સરકારે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવીના ઘરઆંગણે પહોંચાડવા માટે આ સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો છે. મહિલાઓ, યુવાનો, ખેડુતો સહિત ગરીબ-મધ્યમવર્ગના સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખીને વડાપ્રધાનશ્રી વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થયા છે. છેવાડાનાં અંત્યોદય પરિવારને આશીર્વાદરૂપ કલ્યાણકારી યોજનાઓ અને આયુષ્માન યોજના સહિતની તમામ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

"મેરી કહાની, મેરી જુબાની"થીમ અંતર્ગત પોષણલક્ષી યોજનાનો લાભ લેનારા કિશોરીઓએ આંગણવાડી તરફથી ઉપલબ્ધ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ટીએચઆના પેકેટથી શારીરિક અને માનસિક વૃદ્ધિમાં આવેલા સકારાત્મક પરિવર્તન અંગે ગ્રામજનો જાગૃત કર્યા હતા. મેરી કહાની મેરી જૂબાની અંતર્ગત ડાયાભાઈ ગરચરે પ્રધાનમંત્રી આવાનસ યોજનાનાં મળેલ લાભ અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. વરજાંગભાઈ આંત્રોલીયા અને દેવીબેન આંત્રોલીયાએ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના નો લાભ લઈ પોતાનાં સ્વાસ્થ્ય સંબંધે કરાવેલ સારવારમાં ખર્ચ આયુષ્યમાન કાર્ડથી થતાં આર્થિક રીતે લાભ થયાની વાત કરી હતી. તો ચેતનાબેન આંત્રોલીયાએ માતૃશક્તિનાં પુરક આહારનાં મળેલા પેકેટથી થતા લાભ વીશે પોતાનું મંતવ્ય રજુ કર્યુ હતુ. કાર્યક્રમ વેળાએ જિલ્લા આરોગ્ય સમીતીનાં ચેરમેનશ્રી સોમાતભાઈ વાસણ, અગ્રણીઓ અને ગ્રામજનોએ સરકારની વિવિધ યોજનાકીય માહિતીની ફિલ્મ નિહાળીને વિકસિત ભારતના નિર્માણ અંગે સામુહિક શપથ લીધા હતા.શાળાનાં બાળકોએ પ્રાકૃતિક ખેતિનાં લાભો વર્ણવતુ નાટક રજુ કરી રાસાયણિક દવા ખાતર મુક્ત ખેતીનાં લાભની વાત સમજાવી હતી. નોંધનીય છે કે, સંકલ્પ યાત્રા દરમિયાન પરંપરાગત માધ્યમો દ્વારા પણ ગ્રામજનોને યોજનાકીય માહિતી અંગે જાગૃત કરવામાં આવી રહ્યાં છે. તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ગામના સરપંચ શ્રીમતિ રંજનબેન મનિષભાઈ કિંદરખેડીયાને અભિલેખા પ્રમાણપત્ર,ગ્રામ્ય સફળ મહિલા નેતૃત્વ અંગે સનમાનપત્ર ધારાસભ્યનાં હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું. તો અપારનાથી વનિતાબેનને આંગણવાડીમાં ઉત્કૃષ્ઠ કામગીરી અને મિન્ટુબેનને આશાવર્કર તરીકે સારી કામગીરી બદલ સન્માનિત કરાયા હતા.કાળીદાસ મેસવાણીયા, અરજણ પુંજા કીંદરખેડીયા, મશરીભાઈ ચુડાસમા અને ભક્તીરામબાપુને ગ્રામિણ ભજન અને લોકસંસ્કૃતિનાં રખેવાળ તરીકે બહુમાન કરાયુ હતુ. ગામની ગૌશાળામાં ગૌ સેવક તરીકે સેવા આપનાર વાઘાભાઈ ગરચર અને પાણી વિતરક મેરામણભાઈ ફાકી તથા દોડ સ્પર્ધામાં રમત કૌશલ્ય ધરાવનાર શાળાની બાળા આંત્રોલીયા નેહલને રમતવિર તરીકે સ્નમાનિત કરવામાં આવેલ, શ્રેષ્ઠ તાલુકા શિક્ષક તરીકે બહુમાન પ્રાપ્ત શાળાનાં ભરતભાઈ ચાવડાને ધારાસભ્યનાં હસ્તે બહુમાનપત્ર એનાયત કરાયુ હતુ. શાળામાં ૧ થી ૩ ક્માંકે પરિણામ હાંસલ કરનાર વિદ્યાર્થિઓને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે સન્માનિત કરાયા હતા. પંચાયતનાં હોદેદારોને ઓડીએફ પ્લસ ગ્રામપંચાયત બનવા અને હરઘર જળ વ્યવસ્થાપન બદલ ધારાસભ્યે સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય સમિતીનાં ચેરમેન સોમાતભાઈ વાસણ, ગામના સરપંચ કિંદરખેડીયા રંજનબેન, ઉપસરપંચ દુદાભાઈ, સ્થાનિક અગ્રણી મનિષભાઈ, સંબંધિત વિભાગના અધિકારી ડી.બી.મુશાળ, આર.જે.નાઈ, પશુધન નિરીક્ષક મારૂ, વી.એસ.મારવાડી, તારાબેન પરમાર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

### UNM ફાઉન્ડેશન દ્વારા આયોજીત અભિવ્યક્તિની ૫ મી આવૃત્તિમાં

# યુવાનો, મહિલાઓ અને વૃદ્ધોનો ભારે ધસારો અભિવ્યક્તિના મંચ ઉપર વિઝ્યુલ આર્ટ અને કલા પ્રદર્શનની સફળતાની સાબિતી આપે છે



અમદાવાદ, ૮

ટોરેન્ટ ગ્રૂપનોં દ્રસ ફાઉન્ડેશન દ્વારા આયોજીત અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટની પાંચમી આવૃતિમાં ગુરૂવારે વિવિધ પર્ફોર્મન્સ અને વિઝ્યુઅલ આર્ટ ઈન્સ્ટોલેશન નિહાળવા માટે મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ, વિદ્યાર્થીઓ, વૃદ્ધો અને કલા રસિકોનો ધસારો જોવા મળ્યો હતો. રાજસ્થાનના એક પ્રતિભાસંપન્ન કલાકાર નિશા ધીન્વા પોતાના ઈન્ટોલેશન 'મેટામોર્ફોસિસ'ના માધ્યમથી પર્યાવરણીય જીવોના જીવન ચક્ર ઉપર પ્રકાશ પાડે છે. તેઓ આપણા પર્યાવરણમાં જંતુઓ, પક્ષિઓ, વનસ્પતિના મહત્વ ઉપર ભાર મુકે છે. તેમની ઝીણવટભરી કલાકૃતિ આ સુક્ષ્મજીવોની રચના અને જટિલતાઓને કેપ્ચર કરે છે, સાથે જ તેમના મહત્વને રજુ કરવા માટે ફેશનના તત્વને ઉમેરે છે. અપરવેઝ શેખ એક જાણીતા આર્ટ ફોટોગ્રાફર છે, તેઓ IT ફિલ્ડમાં કામ કરતા હતા, પરંતુ ફોટોગ્રાફી પ્રત્યેના આકર્ષણના લીધે વર્ષ ૨૦૧૫ માં તેમણે પોતાની ફિલ્ડ બદલી નાખી, તેઓ બ્લેક એન્ડ વ્હાઈટ ઈમેજોનો ઉપયોગ કરીને સ્ટ્રીટ ફોટોગ્રાફીના એબ્સ્ટ્રેક્ટ સારને શોધે છે. તેઓ અભિવ્યક્તિના મંચ ઉપર પોતાના "સ્ટ્રીટ મ્યુઝિંગ્સઃ વીવ યોર ઓન સ્ટોરીઝ" વિઝ્યુઅલ આર્ટ ઈન્સ્ટોલેશનના સ્વરૂપે કેપ્શન વગર જ સ્ટ્રીટ ફોટોગ્રાફીનું પ્રદર્શન રજુ કરે છે અને તે ફોટોની અલગ અલગ વ્યાખ્યાઓ કરવા માટે લોકોને પ્રોત્સાહિત કરે છે. તેમની કલા જીવન રેકોર્ડ અને કલાત્મક કેનવાસ એમ બન્ને સ્વરૂપે કામ કરે છે. ફોટોના કેપ્શનના અભાવે મુલાકાતીઓ જાતે જ પટકથા લેખક બની જાય છે અને સહજ ક્રમમાં પોતાની જ વાર્તાઓ રચે છે, પ્રશંસકો અને કલાકારો દ્વારા કરવામાં આવેલ ફોટોના વર્ણનમાં જ સાચી સુંદરતા રહેલી છે. અમદાવાદના કલાકાર સાગર જોશીને પોતાની આસપાસના વાતાવરણમાંથી પ્રેરણા લઈને પ્રકૃતિના મનોહર ચિત્રો બનાવવામાં આનંદ પ્રાપ્ત થાય છે. તેઓ સમુદ્ર વચ્ચે આવેલ 'એક સુંદર ટાપુ' ઈન્ટોલેશન પ્રદર્શીત કરે છે, આ એક એવો ટાપુ છે જ્યાં ઉત્તમ પ્રાકૃતિક સ્વર્ગ આવેલ છે, પ્રાચીન રેતીલા સમુદ્ર કિનારાથી સુશોભિત એક ટાપુ જે સ્ફટિક-સ્પષ્ટ પાણીથી ઘેરાયેલ છે અને ચારે બાજુ લીલીછમ હરીયાળી તેને આલીંગન આપે છે. આ સુંદર અને રમણીય સ્થળ શહેરી જીવનની ભાગદોડ અને ઘોંઘાટથી કંટાળીને શાંતિ તેમજ એકાંત શોધી રહેલ મુસાફરોને આકર્ષે છે.

# નવાબંદર ખાતે વિકસીત ભારત સંકલ્પ યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૮

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારના નવ વર્ષ પૂર્ણ થતા સમગ્ર દેશમાં થયેલા ઐતિહાસિક વિકાસ કામોની ગાથાને વર્ણવતી વિકસીત ભારત સંકલ્પ યાત્રા ઉના તાલુકાના નવાબંદર ગામે પહોંચી હતી જ્યાં ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડએ આ યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. કેન્દ્ર સરકારની લોક કલ્યાણ રૂપી જુદી-જુદી યોજનાઓ જેમાં (૧)પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજના, (૨)પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, (૩)પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, (૪)દિન દયાળ અંત્યોદય યોજના, (૫)પ્રધાનમંત્રી આવાસ યોજના, (૬)પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, (૭)પ્રધાનમંત્રી પોષણ આહાર યોજના, (૮)વાસ્મો યોજના આ તમામ યોજનાઓના લાભો છેવાડાના નાગરિકોને સ્થળ ઉપર જ તુરંત પહોંચાડવાની કામગીરી કરવામાં આવી હતી. આ સંકલ્પ યાત્રામાં ગીર સોમનાથ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, ઉના તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન મોહનભાઈ વાજા, પુર્વ તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ સામતભાઈ ચારણીયા, સરપંચના પ્રતિનિધિ સોમવારભાઈ મજેઠીયા, ઉપસરપંચ હરકિશનભાઈ સોલંકી, દાનુભાઈ સોલંકી તથા સરપંચ તથા સદસ્યો સહિતના આગેવાનો, લોક અધિકારીગણ અને વિદ્યાર્થીગણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ ખાતે જીલ્લાકક્ષાનું ૯મું 'વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન'- ૨૦૨૩ યોજાયું



વેરાવળ તા. ૮

ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક કેન્દ્ર ગીર સોમનાથ ખાતે જી.સી.ઈ.આર.ટી-ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગીર સોમનાથ તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિલ્લા શિક્ષણ સમિતિ તથા બ્લોક રિસોર્સ સેન્ટર, ગીર સોમનાથ દ્વારા ગીર સોમનાથ જિલ્લાના જિલ્લા કક્ષાએ ૪ થી ૬ ડિસેમ્બર ૨૦૨૩ એમ બે દિવસીય "૯મુ વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન" - ૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય વિષય "સમાજ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી" હતો. આ મુખ્ય વિષય પરના વિદ્યાર્થીઓના વિવિધ પ્રદર્શનો શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક કેન્દ્ર ગીર સોમનાથ ખાતે ગોઠવવામાં આવેલ હતા. આ કાર્યક્રમના ઉદ્દ્ઘાટન પ્રસંગે પ્રકાશભાઈ ટાંક (જિલ્લા પ્રાથમિક શિક્ષણ ચેરમેન), એન.બી. અપારનાથી (ડી.પી.ઈ.ઓ ગીર સોમનાથ), વરસીંગભાઈ પંપાણીયા (પ્રાચાર્ય, ડાયેટ ગીર સોમનાથ), ભરતભાઈ મેશીયા (પ્રાચાર્ય, ડાયેટ જૂનાગઢ), શા.સ્વા.ભક્તિપ્રકાશદાસજી (ચેરમેન લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ), સંદીપભાઈ સોલંકી (બી.આર.સી. કોડિનેટર વેરાવળ) તથા બહોળી સંખ્યામાં શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ વિગેરે હાજર રહેલ અને બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન પુરૂં પાડેલ હતું.

તેમજ આ વિજ્ઞાન મેળામાં નિર્ણાયક તરીકે વિજયભાઈ કોટડીયા, ડી.સી. ભટ્ટ, ચંદ્રેશભાઈ જોશી, કુલદીપભાઈ છગ, કિરીટભાઈ દાહીમા, ભરતભાઈ દાહીમા રહ્યા હતા. આ પ્રદર્શનને જોવા અને જાણવા ૨૦૦૦ થી પણ વધારે મુલાકાતીઓ તથા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

આ અંગે વિશેષમાં જણાવતા લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર નરેશભાઈ એન. ગુંદરણીયા એ જણાવેલ કે વિજ્ઞાન મેળો વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યેના રસને પ્રોત્સાહન આપે છે અને વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક અને તકનીકી સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરે છે. વિજ્ઞાન મેળો જોનાર માટે વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસાને ઉત્તેજિત કરે છે, પૂછપરછ કરવાનું મન વિકસાવે છે અને બાળકો અને પુખ્ત વયના લોકોને સકારાત્મક નવા અનુભવો માટે ઉજાગર કરે છે. તેઓ લોકોને ઝડપથી બદલાતા ટેકનોલોજીકલ વાતાવરણનો સામનો કરવામાં મદદ કરે છે અને તેમની જીવન કૌશલ્યમાં સુધારો કરીને તેમને સશક્ત બનાવે છે.

# માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરાશે જ્ઞાન સહાયકની ભરતી

અમદાવાદ, તા. ૮

પ્રાથમિક શાળાઓ બાદ હવે ગુજરાત સરકાર દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવશે. સરકારી અને અનુદાનિત શાળાઓમાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યા પર જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતી કરવામાં આવશે. નોંધનીય છે કે થોડા સમય પહેલા સરકારે પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયકની ભરતી કરી હતી. ગુજરાત સરકારે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકની ભરતી માટે અરજીઓ મંગાવી છે. આગામી ૮થી ૧૨ ડિસેમ્બર સુધી ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારની મહત્તમ વયમર્યાદા ૪૨ વર્ષ નક્કી કરવામાં આવી છે. ૧૧ મહિનાના કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી કરવા અરજી મંગાવવામાં આવી છે. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઓન લાઈન અરજી કરી શકશે. શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજયની સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" માટે શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત "જ્ઞાન સહાયક (ઉચ્ચતર માધ્યમિક)"ની ભરતી કરવામાં આવશે. ઉપરોકત જગ્યાઓ માટે ઉમેદવારની વયમર્યાદા ઓન-લાઈન અરજી કરવાની તારીખ સુધીની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલાં વેબસાઈટ પર આપેલી જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, નિમણૂંકનો પ્રકાર અને પગાર સંબંધિત સૂચનાઓ/માર્ગદર્શિકા વાંચવાની રહેશે. આ અરજીઓ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે નહીં. આ રીતે મોકલેલી અરજીઓ માન્ય ગણાશે નહીં. ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઈ માટે રૂબરૂ બોલાવવામાં આવશે. તે દરમિયાન ઓન-લાઈન કરેલ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એક-એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટો તેમજ ચકાસણી માટે ઓરિજનલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે. ઓનલાઈન અરજી આઠ ડિસેમ્બર ૨૦૨૩થી કરી શકાશે.

# વેસ્ટ બેન્કમાં રહેતા યહૂદી કટ્ટરવાદીઓના અમેરિકામાં પ્રવેશવા પર પ્રતિબંધ




વોશિંગ્ટન, તા.૮

હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા જંગમાં અમેરિકાએ ઈઝરાયેલ સામે અસાધારણ કાર્યવાહી કરી છે. આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર અમેરિકાએ વેસ્ટ બેક્રમાં રહેતા યહૂદી કટ્ટરવાદીઓના અમેરિકામાં પ્રવેશવા પર પ્રતિબંધ મુકી દીધો છે. અમેરિકાની કાર્યવાહી અણધારી એટલા માટે પણ લાગી રહી છે કે, સાત ઓક્ટોબરે હમાસ દ્વારા આતંકી હુમલા બાદ છેડાયેલા યુધ્ધમાં અત્યાર સુધી અમેરિકાની સરકાર ઈઝરાયેલની સાથે ઉભી રહી છે.અમેરિકાના વિદેશ મંત્રીએ કહ્યુ હતુ કે, અમે આજથી નવો વિઝા પ્રતિબંધ લાગુ કરી રહ્યા છે. આ પ્રતિબંધ હેઠળ એવા લોકો પર અમેરિકામાં પ્રવેશવા પર પ્રતિબંધ મુકવામાં આવી રહ્યો છે જેમણે વેસ્ટ બેક્રમાં શાંતિ અને સુરક્ષાને કમજોર કરવાનુ કામ કર્યુ છે.ઉલ્લેખનીય છેકે, વિદેશ મંત્રી એન્ટની બ્લિક્રને ગત સપ્તાહે ઈઝરાયેલને ચેતવણી આપી હતી કે, પેલેસ્ટાઈન પર સતત હુમલા કરી રહેલા ઈઝરાયેલ પર બાઈડન સરકાર કાર્યવાહી કરશે. જોકે અમેરિકાએ વેસ્ટ બેક્રમાં રહેતા કેટલા યહૂદી લોકો પર આ પ્રતિબંધ મુકયો છે તેની જાણકારી શેર નથી કરી. આ માટે ગુપ્તતાનો હવાલો અપાયો છે. હમાસ સાથેના યુધ્ધની વચ્ચે ઈઝરાયેલ સામે યુએસની કાર્યવાહી જોકે અમેરિકન વિદેશ વિભાગનુ કહેવુ છે કે, હિંસા ચાલુ રહેશે તો અમેરિકા આવનારા દિવસોમાં વધારે આકરા પગલા ભરશે.બ્લિક્રને કહ્યુ હતુ કે, અમે ઈઝરાયેલી સરકારને વેસ્ટ બેક્રમાં પેલેસ્ટાઈનના નાગરિકો સામે હિંસા કરી રહેલા કટ્ટરવાદીઓ સામે કાર્યવાહી કરવા માટે અપીલ કરેલી છે અને રાષ્ટ્રપતિ બાઈડન વારંવાર કહી ચુકયા છે કે, આ પ્રકારની હિંસા કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી.

# ઉમદા કામગીરી કરનાર જૂનાગઢનાં હોમગાર્ડ જવાન રાજુભાઈ જાની ડીજી ડીસ્ક(બ્રોન્ઝ) એવોર્ડથી સન્માનિત







## ૨૦૧૩માં હોમગાર્ડ યુનિટમાં જોડાઈ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરીમાં ઉમદા ફરજ બજાવનાર રાજુભાઈ જાનીને ગૌરવ એવોર્ડ મળતા અભિનંદનની વર્ષા

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૮

હોમગાર્ડ યુનિટમાં જોડાઈ અને ઉમદા કામગીરી કરનારા જૂનાગઢના રાજુભાઈ જાનીને ડીજી ડીસ્ક(બ્રોન્ઝ) તરીકે સન્માનીત કરવામાં આવતા આનંદની લાગણી વ્યાપી ગઈ છે. કર્તવ્ય નિષ્ઠ અને સેવાભાવી રાજુભાઈ જાનીને અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે. આ અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર, મધ્યપ્રદેશના કુપલુકા ગામના ૭૦ વર્ષિય મદનમોહન મુરલીધર જૈન પરિવાર સાથે ગિરનાર ઉપર જૈન દેરાસરના દર્શન કરવા ગયા હતા. દરમ્યાન મદનમોહન જૈન સીડી ઉતરતા પરિવારથી વિખુટા પડી ગયા હતા અને ખીણમાં પડી ગયા હતા. પરિવારના સભ્યોએ ભવનાથ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બાદમાં પોલીસ અને હોમગાર્ડ દ્વારા શોધખોળ હાથ ધરાઈ હતી. જેમાં ૪૮ કલાકની શોધખોળ પછી વરસતા વરસાદમાં અને જંગલી જાનવરોના ભય વચ્ચે ગિરનાર પર્વત ઉપરની વેલનાથની જગ્યા પાસેની ખીણમાંથી અવાજ આવતા હોમગાર્ડ જવાને ત્યાં જઈ ખીણમાં ઉતરી વૃધ્ધાને શોધી કાઢયા હતા. બાદમાં તેને બહાર કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. ત્યારે આ કામગીરી બદલ હોમગાર્ડ જવાન રાજુભાઈ જાનીનો ડાયરેકટર સિવિલ ડિફેન્સ અને કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડ, અમદાવાદના ડીજીપી મનોજ અગ્રાવલે ડીજી ડીસ્ક(બ્રોન્ઝ) આપી સન્માનિત કર્યા હતા.

જૂનાગઢના દિપાંજલી-૧ ખાતે રહેતા રાજુભાઈ જાની ૨૦૧૩માં હોમગાર્ડ યુનિટમાં જોડાઈ અને છેલ્લા ૧૦ વર્ષની ઉત્કૃષ્ટ કામગીરી અને ડીઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરીમાં ઉમદા ફરજ બજાવી છે. એટલું જ નહી ભવનાથ ખાતે યોજાતા શિવરાત્રી મેળા દરમ્યાન હોમગાર્ડ ટીમ કાર્યરત હતી અને જેમાં પણ સારી કામગીરી કરવા બદલ રાજુભાઈ જાનીને અગાઉ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે. દરમ્યાન તાજેતરમાં ડીસ્ક(બ્રોન્ઝ)નો ગૌરવંતો એવોર્ડ પ્રાપ્ત કરનારા રાજુભાઈ જાનીને અભિનંદનની વર્ષા સાથે તેમની સેવાઓને બિરદાવવામાં આવી રહી છે.

# જૂનાગઢથી ભવનાથ બસ સેવા શરૂ : લોકોને લાભ લેવા અનુરોધ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૮



જૂનાગઢ એસટી વિભાગ દ્વારા ભવનાથ સુધી બસ સેવા શરૂ કરવામાં આવી છે અને જેનો લાભ લેવા મુસાફર જનતાને અનુરોધ કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર અને તેમાંય જૂનાગઢ જીલ્લો અને જૂનાગઢ શહેર પ્રવાસન અને ધાર્મિક દ્રષ્ટીએ અનેકગણુ મહત્વ ધરાવે છે. જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થ ક્ષેત્રમાં યાત્રિકો, પ્રવાસીજનતા અને ભાવિકોનો સતત પ્રવાહ વહેતો રહે છે. તાજેતરમાં પરિક્રમાનો મેળો પુર્ણ થયો છે ત્યારે અંદાજીત ૧૨ લાખથી વધારે ભાવિકો આ પરિક્રમાના મેળાનો લાભ લીધો હતો. આ ઉપરાંત વિવિધ પર્વ પ્રસંગે પણ પ્રવાસીજનતા જૂનાગઢ અને ભવનાથ ક્ષેત્રની મુલાકાતે આવે છે. આગામી દિવસોમાં શિવરાત્રીનો મેળો આવી રહ્યો છે ત્યારે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડવાના છે.


ભવનાથમાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત, અંબાજી માતાજીના દર્શન, ભવનાથ મહાદેવ દર્શન, ભગવાન દતાત્રેયના દર્શને તેમજ વિવિધ ધર્મસ્થાનોએ ભાવિકો ઉમટી પડતા હોય છે. અગાઉ વર્ષો પહેલા ભવનાથથી સોમનાથ સુધીની બસ સેવા કાર્યરત હતી અને છેલ્લા ઘણા સમયથી ભવનાથ ક્ષેત્રમાં જૂનાગઢ શહેરથી કાયમી ધોરણે બસ સેવા કાર્યરત રહે તો મુસાફર જનતાને તેનો લાભ મળે તેવી રજુઆતો પણ થઈ હતી. તાજેતરમાં જ જૂનાગઢ જીલ્લા કલેકટરએ એસટી વિભાગના અધિકારી સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ જૂનાગઢથી ભવનાથ સુધીની એસટી બસ સેવા શરૂ કરવામાં આવી છે. હાલમાં ચાર ટ્રીપ જઈ રહી છે. જેમાં સવારે ૬ વાગે ત્યારબાદ ૮ વાગે, બપોરે ૧:૩૦ કલાકે અને સાંજે ૫:૩૦ કલાકે આ બસ ઉપડે છે. જૂનાગઢ એસટી બસ સ્ટેન્ડ ખાતેથી આ બસ ભવનાથ જવા રવાના થાય છે અને રૂા.૧૩ ટિકીટના દર હોવાનું જાણવા મળે છે.

# મંત્રીના પીએ બની છેતરપિંડી કરનાર શખ્સ વિરૂધ્ધ નોકરી અપાવી દેવાની લાલચ આપી રૂા.૪.૭૫ લાખની છેતરપિંડીની વધુ એક ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૮

જૂનાગઢ તાલુકા પોલીસે બે દિવસ પહેલા વાહન ચેકિંગ દરમ્યાન એક શખ્સને ઝડપી લીધો હતો અને તપાસમાં બહાર આવેલ વિગત અનુસાર મંત્રીના નકલી પીએ બની અને આ શખ્સે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતો હોવાનું ખુલવા પામતા ચકચાર જાગી ઉઠી છે. આ શખ્સે લગ્ન અને અન્ય બહાના હેઠળ પણ છેતરપિંડી કરી છે ત્યાં જ વધુ એક છેતરપિંડીની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. નોકરીના નામે લાલચ આપી રૂા. ૪,૭૫,૦૦૦ની છેતરપિંડીની ફરિયાદ પોલીસ દફતરે નોંધાતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, નિરજભાઈ પ્રવિણભાઈ વૈષ્ણવ (ઉ.વ.૩૧) રહે.મધુરમ, અશોકનગર-૨, સતગુરૂ પાર્ક, શુભમ રેસીડેન્સી, એપાર્ટમેન્ટ બ્લોક નં-૦૩, જૂનાગઢવાળાએ રાજેશભાઈ જેન્તીભાઈ જાદવ રહે.વાડલા ફાટક, ગાર્ડન સીટી, બ્લોક નં-૩૧વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ પરસોતમભાઈ સોલંકી ગુજરાત રાજયના મંત્રીના પીએ તરીકેની ખોટી ઓળખ આપી ફરિયાદીને શિક્ષક તરીકેની સરકારી નોકરી અપાવવાની લાલચ આપી ફરિયાદી તથા ફરિયાદીના પિતા સાહેદ પ્રવિણભાઈ વૈષ્ણવને વિશ્વાસમાં લઈ નોકરી અપાવવાના બહાને ફરિયાદી તથા સાહેદ પાસેથી અલગ-અલગ સમયે રોકડ રૂા.૪,૭૫,૦૦૦ લઈ જઈ અને ફરિયાદીનો શિક્ષક તરીકે એલ.કે. હાઈસ્કૂલ કેશોદમાં ઓર્ડર થયેલ તેવો ખોટો ઓર્ડર બનાવી અને જે સાચો છે તે રીતે ફરિયાદી તથા સાહેદને બતાવી ફરિયાદી તથા સાહેદ સાથે છેતરપિંડી વિશ્વાઘાત કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા સી ડીવીઝન પોલીસે ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ પીએસઆઈ વી.કે. ઉંજીયા ચલાવી રહ્યા છે.

# જૂનાગઢ અને સૌરાષ્ટ્રભરમાં ગઈકાલે સંખ્યાબધ્ધ લગ્ન સમારોહ યોજાયા





(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૮

લગ્નગાળાની મોસમ શરૂ થતા જ તા.૬ અને ૭ના રોજ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં લગ્ન સમારોહ ઉત્સાહભેર સંપન્ન થયા છે અને લગ્નગાળાની સિઝન પુરબહારમાં ચાલી રહી હોય લોકો લગ્નનો આનંદ માણી રહ્યા છે. આ વર્ષે દેવ દિવાળીના દિવસ સાથે જ ભગવાનના લગ્ન ભાવપુર્વક સંપન્ન થયા બાદ લગ્ન ગાળાની મોસમ શરૂ થઈ હતી અને તા૬ અને ૭ ડિસેમ્બરના રોજ સૌરાષ્ટ્રભરમાં પારિવારીક લગ્ન, ઘર આંગણાના લગ્ન, જ્ઞાતિ આયોજીત લગ્ન, સમુહ લગ્ન સહિતના કાર્યક્રમો હોંશભેર ઉત્સાહભેર સંપન્ન થયા હતા.

# માળીયા હાટીના તાલુકાના જામવાડી ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુઃખે ગેરકાયદેસર મંડળી રચી હુમલો : સામસામી ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૮

માળીયા હાટીના તાલુકાના જામવાડી ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુઃખે ગેરકાયદેસર મંડળી રચી અને હુમલો કરવા અંગે સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર માળીયાના જામવાડી, નવા પ્લોટ વિસ્તારમાં રહેતા સોયબભાઈ હબીબભાઈ દલ(ઉ.વ.૨૫)એ હનીફભાઈ ઈબ્રાહીમ દલ, રફીક ઉર્ફે અપુ, દોસમામદ ઈબ્રાહીમ દલ, કાદરભાઈ કાસમભાઈ દલ, હારૂનભાઈ હબીબ દલ રહે. બધા જામવાડી ગામ તા.માળીયાહાટીના વાળા વિરૂધ્ધ કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૪૩, ૧૪૪, ૧૪૯, જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. જયારે આ જ બનાવના અનુસંધાને સામા પક્ષો હનીફભાઈ ઈબ્રાહીમભાઈ દલ(ઉ.વ.૩૭) રહે.જામવાડી ગામ પ્લોટ વિસ્તાર વાળાએ નઈમભાઈ હબીબભાઈ દલ, સોયબભાઈ હબીબભાઈ દલ, હબીબભાઈ બાઉદીનભાઈ દલ, અસલમભાઈ હબીબભાઈ દલ, હનીફભાઈ બોદુભાઈ દઈ વિગેરે સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીને ગઈ ગ્રામ પંચાયતની ચૂંટણી વખતે આરોપી નં-૫ હનીફભાઈ સાથે મનદુઃખ હોય જે બાબતે ફરિયાદી સાહેદ દોસમામદભાઈ સાથે વાતચીત કરતા હોય તે વખતે આરોપી નં-૧ તથા નં-૨નાઓ સાથે બોલાચાલી થતા આરોપી નં-૧ તથા ૨નાઓ ઘરે જઈ ફરિયાદ પાછા તમામ પાચેય આરોપીઓએ એકબીજાનો સમાન ઈરાદો પાર પાડવા ગેરકાયદેસર મંડળ રચી પ્રાણઘાતક હથિયારો લઈ આવી ફરિયાદી ઉપર હુમલો કરી જાહેરમાં ભુંડી ગાળો આપી જાનગી મારી નાખવાની ધમકી આપી ફરિયાદીને હથિયારો વડે માર મારી ઈજાઓ કરી જીલ્લા મેજી.ના જૂનાગઢનાઓના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૪૩, ૧૪૪, ૧૪૯, જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ માળીયા પોલીસ ચલાવી રહી છે.


**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**
વિવિધ ઈલેક્ટ્રિકલ કામ
અનું નં.1: ઈ-ટેન્ડર નં. BVP-EL-P-23-2023-24. ... ₹ 6,36,43,135 ... ₹ 4,68,200.
અનું નં.2: ઈ-ટેન્ડર નં. BVP-GSU-TRD-01-2023-24 ... OHE ... ₹ 1,47,61,342 ... ₹ 2,23,800. ... 13-12-2023, ... 27-12-2023. ... www.ireps.gov.in પર 01-12-2023 ના રોજ ...
BVP-137
twitter.com/WesternRly


# વિસાવદરમાં ફરીવાર સાટાખત કરી રૂા.૧૧ લાખની છેતરપિંડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૮

વિસાવદર તાલુકાના માંડાવડ ગામના સ્મિતાબેન ગીરજાશંકર વિકમા (ઉ.વ.૫૦)એ સોનલબેન અલ્પેશભાઈ ઝાલાવડીયા રહે.વિસાવદર વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ કામના ફરિયાદીને પોતાની માલીકીનું મકાન અગાઉ અન્ય વ્યકિતનો સાટાખત કરી આપેલ હોય તેવું જાણતા હોવા છતાં ફરિયાદી બહેનને પોતાની માલીકીનું સાટાખત કરી આપી રૂા.૧૧,૦૦,૦૦૦ જેવી માતબર રકમ ફરિયાદી પાસેથી લઈ ઓળવી જઈ ફરિયાદી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વિસાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# તા.૨૨ ડિસેમ્બર શુક્રવારે લાંબામાં લાંબી રાત્રી અને દિવસ ટૂંકો

**શનિવારથી રાત્રિ ક્રમશઃ ટૂંકી અને દિવસ લાંબો થશે : રાજકોટમાં ૧૩ કલાક ૧૪ મિનિટની સૌથી લાંબી રાત્રી : સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિના કારણે ઉતરાયણ કહે છે : પૃથ્વી ઝૂકેલી હોવાના કારણે દિવસ-રાત લાંબા-ટૂંકા અને ઋતુઓ બને છે**

(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૮

શુક્રવાર તા.૨૨ ડિસેમ્બરે રાત લાંબી અને દિવસ ટૂંકોનો લોકો અનુભવ કરશે. પૃથ્વી ૨૩.૫ અંશે જુકેલી હોવાના કારણે દિવસ-રાતમાં લાંબા-ટૂંકા, ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉતરાયણ કહેવામાં આવે છે પૃથ્વીથીની ધરી સીધી હોત તો દિવસ રાત ૧૨-૧૨ કલાકની બને છે. શુક્રવારે રાજકોટમાં ૧૩ કલાક અને ૧૪ મિનિટની સૌથી લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ભારત જન વિજ્ઞાન જાથા લોકોને દિવસ-રાતના સામાન્ય ફેરફારોનો અનુભવ કરવા અપીલ કરવામાં આવી છે. જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યાએ જણાવ્યું કે, રાજકોટમાં રાત્રિના ૧૩ કલાક ૧૪ મિનિટ ૧૧ સેકન્ડ, જૂનાગઢમાં રાત્રિના ૧૩ કલાક ૧૧ મિનિટ ૫ સેકન્ડ, દ્વારકામાં રાત્રી ૧૩ કલાક ૧૩ મિનિટ ૫૯ સેકન્ડ, અમદાવાદમાં ૧૩ કલાક ૧૭ મિનિટ ૧૧ સેકન્ડ, મુંબઈમાં રાત્રિના ૧૩ કલાક એક મિનિટ ૨૭ સેકન્ડ, ઉજ્જૈનમાં રાત્રિના ૧૩ કલાક ૩૬ મિનિટ ૭ સેકન્ડ, દિબ્રુગઢમાં રાત્રી ૧૩ કલાક ૩૬ મિનિટ ૭ સેકન્ડ, કશ્મીરમાં રાત્રી ૧૩ કલાક ૪૩ મિનિટ ૫૬ સેકન્ડ, કન્યાકુમારીમાં રાત્રી ૧૨ કલાક ૨૧ મિનિટ ૯ સેકન્ડ, લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ત્યાર બાદ તા.૨૩ મી શનિવારથી રાત્રિ ક્રમશ ટૂંકી અને દિવસ ક્રમશ લાંબો થશે. પૃથ્વીનો ઝુકાવ સૂર્યને પરિભ્રમણ ગતિ, સૂર્ય હોય છે તો દક્ષિણ ગોળાર્ધમાં પણ તે પૃથ્વી ઉપર તરફ ગતિ કરે છે. નાના-મોટા શહેરોમાં સામાન્ય મિનિટોનો તફાવત જોવા મળે છે.

વધુમાં પંડ્યાએ જણાવ્યું કે, સૂર્ય તેના આકાશના વિચરણમાં ઉત્તર ગોળાર્ધમાં ૨૩.૫ અક્ષાંશ સુધી જ જાય છે. અને પછી ત્યારથી પાછો ફરે છે. તે ૨૩.૫ અંશ ઉત્તર અક્ષાંશને ઓળંગતો નથી. પૃથ્વી પર ૨૩.૫ ઉત્તર અક્ષાંશને કર્કવૃત કહે છે. પૃથ્વી ઉપરના ૨૩.૫ દક્ષિણ અક્ષાંશને મકરવૃત્ત કહે છે. વિશેષમાં જયંત પંડ્યા જણાવે છે કે પૃથ્વીની ૨૩.૫ અંશે ઝૂકેલી ધરીને કારણે પૃથ્વી ઉપર ઋતુઓ ઉત્પન્ન થાય છે અને ધ્રુવ પ્રદેશો ઉપર છ-છ મહિનાના દિવસ અને રાત થાય છે. પૃથ્વીના ગોળા ઉપર ઊંચે અક્ષાંશ જે બારે માસ ઠંડી રહે છે ત્યાં બારેય માસ બરફ છવાયેલો રહે છે. અંતમાં જાથાએ આકાશ તરફ લોકોને નજર કરતાં થાય અને ખગોળ વિષય ઉપર રૂચિ કહેવાય તે માટે અભિયાન આદર્યું છે. શુક્રવારે લોકો લાંબામાં લાંબી રાત્રીનો અનુભવ કરી બીજે દિવસથી રાત્રી ક્રમશઃ સેકન્ડની ગણતરીએ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે. વિશેષ માહિતી માટે મો.૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.


**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**
**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
**નક્ષત્ર – જ્યોતિષ**
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
**આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ**
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું



**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા**
**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
**બીના ઈલેકટ્રોનિકસ**
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.